શૃંગાર શિક્ષક.

(ભાગ ૧ લો.)

કર્તા.

ગૌરીશંકર દયાશંકર ભટ્ટ.

નડીઆદ. નાગરવાડા.

शार्दूलविक्रीडित.

दृष्टव्येषु किमुत्तमं, मृगदृशः प्रेमप्रसन्नं मुखं ।
घ्रातव्येष्वपि किं, तदास्यपवनः श्राव्येषु किं तद्वचः ।
किं स्वाद्येषु, तदोष्ठपल्लवरसः, स्पृश्येषु किं, तत्तनु ।
ध्येयं किं, नवयौवने सहृदयैः सर्वत्र तद्विभ्रमः ॥१॥

સંવત ૧૯૫૧ —— ઈ૦ સ૦ ૧૮૯૫

નડીઆદ 'સત્યસાગર' પ્રેસ

મૂલ્ય રૂ૦—૫—૦

વિજ્ઞપ્તિ.

☞ જેઓ સાહેબોપર આ પુસ્તક મોકલાવ્યુ છે તેમણે મેહેરબાની કરી તુર્ત પુસ્તક અગર કીમત રૂ.   મોકલી દેવી.

॥सुज्ञेषुकिंबहुना.॥

શૃંગાર શિક્ષક.

(ભાગ ૧ લો)

કર્તા.

ગૌરિશંકર દયાશંકર ભટ્ટ.

નડીયાદ. નાગરવાડા.

શાર્દુલવિક્રીડિત.

द्रष्टव्येषुकिमुत्तमं, मृगदृशांप्रेमप्रसन्नंमुखं ।
घ्रातव्येष्वपिकिं, तदास्यपवनःश्राव्येषुकिंतद्वचः ।
किंस्वाद्येषु,तदौष्ठपल्लवरसः,स्पर्शेषुकिं,तत्तनु ।
ध्येयंकिं,नवयौवनंसुहृदयैःसर्वत्रतद्विभ्रमः ॥१॥

સંવત ૧૯૫૧ — ઈ૦ સ૦ ૧૮૯૫

નડીઆદ 'સત્યસાગર' પ્રેસ.

મૂલ્ય રૂ૦—૫—૦

અર્પણ પત્રિકા.

રા. રા. બાળાશંકર ઉલ્લાસરામ કંથારીઆ.

મુ૦ નડીઆદ.

મહાશય !

આપ પાસે જ્ઞાન ભંડારાદિ અનેક પ્રકારની મનુષ્યને ઉન્મત્ત કરે એવી સામગ્રી એકત્ર હોવા છતાં આપ સુજનતા, શીલત્વ, વિનય, ક્ષમા, ઉદારતા, ધૈર્યતા, અનુત્સેક, પરગુણે પ્રીતિ, સજ્જન સંગમાં વાંચ્છા, વિદ્યાનું વ્યસન, વાક્ સંયમાદિ મહત્ સદ્ગુણાલંકૃત હોઇ ગુજરાત, ગુજરાતીઓ, અને ગુર્જર ગિરાની ઉન્નતિ કરવામાં તન, મન, ને ધનનો ભોગ આપી સદા કાળ મચ્યા રહોછો તેથી તથા સાહિત્ય વિષય તરફ આપ જે અનુપમ પ્રીતિ ધરાવોછો, તેથી લલચાઇ આ પુસ્તક આપનેજ અર્પણ કરી હું મને કૃતાર્થ માનુંછું.

લી.

ભવદિય ગુણાશકત

ગૌરીશંકર દયાશંકર ભટ્ટ.

નડીઆદ.

As unto the bow the Cord is,
So unto the man is woman;
Though she bends him, she obeys him,
Though she draws him, yet she follows,
Useless each without the other.

Longfellow.

Then read, dear girl! with feeling read,
For thou wilt ne'er de one of those;
To thee in vain I shall not plead,
In pity for the poet's woes.

—Byron.

If some times in the hanuts of men,
Thine image from my breast may fade;
The lonely hour presents again,
The semblance of thy gentle shade.

—Byron.

Woman! they vows are traced in sand

—Byron.

No! for thou never canst be mine,
United by the priest's decree;
By any ties but those divine,
Mine, my beloved, thou ne'er shalt be.

—Byron.

પ્રસ્તાવના.

આજ કાલ ગુજરાતી ભાષામાં પુસ્તકોની દિન પરદિન વૃદ્ધી થતી જાય છે, તેમાંથી કેટલાંક ઉંચી પ્રતિનાં હોય છે પણ ઘણો ભાગતો માત્ર વાર્તાઓ, આખ્યાનો, નિર્માલ્ય નાટકો અને ઓપેરાઓ વિગેરેનો જોવામાં આવેછે. ઉપયોગી અને સારાં પુસ્તકોમાં પણ સાહિત્ય વિષયપર થોડાંકજ પુસ્તકો જોવામાં આવે છે. આજ કારણને લીધે આજકાલના જુવાનીઆ-ઓ સાહિત્યના જ્ઞાન વગર કેટલાંક પુસ્તકો રચવા જાય છે અને પાછા પડે છે. તેઓમાંના કેટલાક સારા ગ્રંથકાર થઇ શકે એવી તીવ્ર બુદ્ધીવા-ળા હોવા છતાં પણ સાહિત્યનું પૂરૂં જ્ઞાન ન હોવાથી સારૂં લખી શકતા નથી. સંસ્કૃતમાં તથા ભાષામાં આ વિષયપર પુષ્કળ લખાયલું છે પણ ગુજરાતીમાં તો માત્ર અલંકાર ચંદ્રીકા, રસ શાસ્ત્ર અને એવાંજ બે પુ-સ્તકો શીવાય બહુ પુસ્તકો રચાયલાં નથી અને તેટલાથીજ જોઇએ તેટલું સાહિત્યના વિષયનું જ્ઞાન મળી શકતું નથી. વળી એ ગ્રંથો ઉંચી પ્રતિ-ના હોઇ સાધારણ લોકોના સમજવામાં બરાબર આવી શકતા નથી, તેથી લોકો કંટાળી મુકી દઇ જરા તરા અહીં તહીંથી સાંભળી, જરાતરા વાંચી ન વાંચી તરત પુસ્તક લખવા બેશી જાય છે, તેથી બહુધા પુસ્તક નીરસ થઇ અપ્રિય થઇ પડેછે. રસદોષ પુષ્કળ થાય છે. મને પણ આ બાબતનો સહજ અનુભવ થવાથી કેટલેક દરજ્જે આ ખામી પુરી પાડવાને મારો કે-ટલુંક થયાં વિચાર થયો હતો પણ અવકાશ અને એવીજ બીજી કેટલીક અડચણોને લીધે તેમ થઇ શક્યું નહોતું, પણ હાલ બધું અનુકુળ હોઇ આ પુસ્તક સર્વના ઉપયોગ માટે બહાર પાડેલું છે.

અલબત્ત રસ જેવા મહાન્ વિષયપર લખવું એ કાંઇ જેવી તેવી વાત નથી તેથી આ પુસ્તક એક ઉંચા પ્રતીનું હોવાનો હું દાવો કરી શ-કતો નથી. તેમજ મારી ક્ષુદ્ર બુદ્ધી અને ટુંકો અનુભવ હોવાથી આ ગ્રં-થ ભૂલ વગરનોજ છે એમ મારાથી કેમ કહેવાય, પણ સારા માણસનીતો એ રીતજ છે કે માત્ર સાર ગૃહણ કરી બીજું બધું પડ્યું મુકે અને ઉદા-ર ચિત્તથી ભુલ અગર દોષ હોય તેની ક્ષમા આપે. વાસ્તે પુસ્તક ભૂલ ભરેલું હોવા છતાં વિદ્વદ્વર્ય તેને સુધારીને વાંચશે. અને તેમ છતાં તેમને જે કાંઇ દોષ ભરેલું જણાય અને તે જણાવવા મહેરબાન થશે તો તેનો અંતઃકરણ પૂર્વક આભાર માની ખરૂં લાગવાથી બીજી આવૃત્તીમાં સુધા-રો કરૂવામાં આવશે.

આ પુસ્તકના ભાગ કરવાનું કારણ એટલુંજકે ગરીબ યા તવંગર દરેકને સરખો લાભ મળે, કારણ કે કીંમતમાં સસ્તું પડવાથી દરેક જણ

ખરીદી શકે. ભાગો થોડે થોડે અંતરે બહાર પાડવામાં આવશે કે જેથી જેઓને મોટા પુસ્તકનો આકાર કરવો હશે તો તે પણ થઇ શકશે.

આ શૃંગાર રસ પુરો થયેથી બીજા રસો અનુક્રમે વર્ણવામાં આવશે.

આ પુસ્તકમાંનાં કેટલાંક ઉદાહરણો, સંસ્કૃત અને ભાષા (હીંદુસ્તાની)નાં પુસ્તકોમાંથી લીધેલાં છે અને કેટલાંક અનુભવ સીદ્ધ છે.

જ્યાં સવૈયા લખ્યા છે તે આપણા ગુજરાતી સવૈયાને મળતા નથી તેથી ઇન્દ્રવિજયનિ ચાલ આ પ્રમાણે લખ્યું છે. કારણ કે એ સવૈયા ઇન્દ્રવિજયને મળતા છે.

છંદોની માત્રાના મેળ વાસ્તે જાણી જોઇનેજ સ્વરો દીર્ઘહ્રસ્વ લખેલા છે તેથી જોડણી દોષ છે એમ ન ગણવું.

તા.૭-૩-૫૫ } લી૦
ગૌરીશંકર દયાશંકર ભટ.

કવિત.

જગમાંહે જોત તારી, ભારી ભાનુથકી કારી
સૌંદર્યે રતિનિસમ, જલજાની બેન છે
પાડે તું ભ્રકુટીથકી, ભાલ છે વિશાલ ગાલ
ગૌર અને મુખ તારૂં, ચંદ્રસમ ભાસે છે
રિતિ ચાલવાની જોઇ, હંસતો ગએલ હારી
નેત્રના કટાક્ષ બાણે, જગત બેહાલ છે
આદિ અંત તુંહિ તુંહિ, સર્વમાંહે વ્યાપિ રહી
પુરૂશનું પરાક્રમ, શકિતવિણ ધુળ છે.

શાર્દુલ વિક્રિડિત—દેશી.

છે સુંદીર આકાર ઘાટ સ્તનનો જાણે ઘડો હેમના
ગૌરાઙ્ગિ શુભ મંદ ગાત્ર હસતું વાક્યો ઝરે પ્રેમનાં
ચાલે મંદ પ્રિયે સુહંસ ગગનિ આલેખતિ ભુમિકા
સ્નેહે ઘાલિને બાથ માન સગમે ચુમ્બી મઝા ક્યાં કદા.

વસંત તિલકા—દેશી.

આ કામનિ જગતનું વળી સાર દેખું
સૃષ્ટીનો હેતુ વળી રૂપ અપાર પેખું
ભંડાર રત્ન અતિ શ્રેષ્ટ દિસેછે એતો
સાંચિને તેને નરકો અમિ દીસે પીતો.

પ્રેમ—સ્વરૂપ.

કવિત્ત.

સુર્ય થકી જોત ભારી, ભારી કાગથકી કારી
કારી ઝેર થકી ન્યારી, પ્યારી છે ચતુરને
વેદ નહી પાર પામે, ધ્યાની નહી ધ્યાન લાવે
પુરાણી પુરાણથકી, સ્વર્ગ માંહે છે નહી
અંગ અંગ વ્યાપિ રહી, રંગ અંગ જાણે નહીં
રંગનું સ્વરૂપ એવું, ગંગહર શીરની
પોંચે ન પવન પાણી, કથીના શકેજ વાણી
વાણીથી પર જાણી, જો તનહો પારખાણી
પ્રેમ પ્રેમ કરી અને, જગત આ ભુલ્યું સવ
પ્રેમ તણા સ્વરૂપને, જાણ્યવિણ ધુળ છે
એક જાણે મારો પ્રેમ, બીજો જાણે નવ અન્ય
એમ આપ આપ ચિત્ત માંહે તે મસ્તાન છે
વશ પ્રેમ કરી સર્વ, જગતને ભુલાવી વળી
આપ માંહે લઇ પછી રસ્તે જે ચઢાવ્યું છે
પાર કહો કોણ પામે વિસ્તારીને ગાતાં ગુણ
એવો મસ્ત પ્રેમ એક ઇશ્વર ન અન્ય છે.
પ્રગટ જો પ્રેમ થાય દેહતણું ભાન જાય
બીજી વાત મનમાંહે જરા નવ ધારે છે
સાન સર્વ ખુવે તેહ, મઝા નવ બીજી ચીત્ત
દરશન તેહ માંહે, મગન તે રહે છે
જયારે એક તાર આવો, ચિત્ત માંહે લાગે ત્યારે
પ્રેમ કેરા સ્વરૂપને પ્રાણી તે પીછાણે છે
અન્ય ખાય ગોથાં વળી પ્રેમ નવ કર ચઢે
મન નિત્ય અહિં તહિં તેઓનું પ્રેરાય છે
પ્રેમ વડે જોગિ ધ્યાન, પ્રેમ વડે ત્રીયાતાન
પ્રેમે બાલ માત તાતથકી, ઉછરાય છે
પ્રેમથકી વિદ્યા ભણે, પ્રેમથકી ધન લોભ

પ્રેમવડે જગતનું કાર્ય સર્વ થાય છે
પ્રેમે પશુ પક્ષી સર્વ આપ આપ કાર્ય કરે
ચુક પડે જરી નહી નિયમે વર્તાય છે
પ્રેમે દશ દિગપાલ ધરાને ધરી રહેલ
પ્રેમ એમ સર્વ માંહી કાર્ય તુંથી થાય છે.
સુક્ષમ જે પ્રેમ તણા ભેદ દીસે તેહ વળી
વર્ણન કરંતાં કહો પાર કોણ પામે છે
પ્રિયા પ્રતિ પ્રેમ એક, બીજો પ્રેમ પ્રભુ પેખ
ત્રીજો પ્રેમ છોકરાંને, માબાપ ગણાય છે
સારસને સારસિને પ્રેમ જુઓ કેવો દીસે
કપોતને કપોતિનો પ્રેમ વખાણાય છે
ચંદ્રને ચકોરી તણો જલમીન પ્રેમ જુદો
એમ ભેદ અનેક તો પ્રેમ ના ભણાય છે.

દોહા.

ભેદ સુક્ષ્મ બહુ પ્રેમના–તે માંહે વળી દેખ
પ્રીયા પ્રેમ તો ઓર છે, ભાખે ભાયા ભેદ.

૫૮૨૮

શૃંગાર રસ.

પ્રકરણ પેહેલું.

(અથગ્રંથારંભે કૃષ્ણ સ્તુતિ)

નારાયણું નમસ્કૃત્ય વંદી દેવ વિનાયકં
ગ્રંથાધે પ્રણુમું પ્રિતે બુદ્ધીદાયક સારદાં.!!

કવિત.

વામે રાખી રાધિકાને, લક્ષ્મીને ધરેલિ હ્રદે
મોર પિચ્છ મુગટ તો, મુસ્તકે સોહાય છે
વૈજયન્તિ માલ ધારી, પીત છે વસન ધર્યાં
કૌસ્તુભ મણિને મોતિ, માલ તો શોભાય છે
શંખ ચક્ર ગદા પાણિ, સારંગ ધનુષ્ય વળી
ભક્ત જન વત્સલને, દીનનો દયાલ છે
મેઘના સમાન વર્ણ, મુખ કોટી સુર્ય તેજ
શ્રૃંગારનિ મૂર્તિ કૃષ્ણ, તેને નમસ્કાર છે.

શાર્દુલનિ દેશી.

ક્રીડા રાસ કરી અને હરી ગયા ગોપિતણાં જે હ્રદે
ધારી મોર કીરીટ પીત વસનો વાણિ મધુરી વદે
ઉતાર્યું અભિમાન ભાન ભુલતા બ્રહ્માજીને ઇંદ્રનું
એવા જે લક્ષ્મિપતિ જગપતિ કરજો ભલું સર્વનું

(અથ કામ સ્તુતિ)

કવિત્ત.

જગમાંહે જેનિ આણુ, વ્યાપિ તો રહેલિ દીસે
ઇન્દ્ર બ્રહ્મા આદિ દેવો, નિચા તો નમેલ છે
શીવ સનકાદિ કેરા, માનને મુકાવી જેણે
મોહ જાળ પાથરીને, જક્ત ભરમાવ્યું છે

ત્રણ લોક વશ કરી, યાહિ કરી રંક રાય
મોહ પામ્યા તેથી તેને, નાચ તો નચાવ્યા છે
વિશ્વા મિત્ર ધ્યાન ચુક્યા, દાખલા અનેક બીજા
બતાવ્યા છે જેણે એવા, કામને પ્રણામ છે

રસ વિષે ભાષામાં તથા સંસ્કૃતમાં પુષ્કળ લખાયલું છે પણ ગુજરાતિમાં માત્ર ગણ્યાં ગાંઠયાંજ પુસ્તકો છે. રસ એ શબ્દનિ વ્યાખ્યા સૌ પોતપોતાનિ મરજી માફક કરે છે. કોઈ કહે છે કે કાવ્યમાં માત્ર શબ્દાલંકાર અને દ્વીઅર્થી શબ્દો વાપરવાથીંજ માત્ર કાવ્યકારનિ ખુબી જણાયછે, કેટલાક તો વ્યંજના વાળા કાવ્યનેજ સારૂં કાવ્ય કહે છે. પણ બધાય કરતાં રસ એજ કાવ્યનું જીવન છે.

આ પ્રમાણે તો રસ યુક્ત હોય તોજ તેને કાવ્ય કહેવું. આ કારણને લીધેજ પ્રેમાનંદાદિ મોટા કવિયોએ રસનું પોષણ કરવાપર વિશેષ ધ્યાન આપ્યું જણાય છે. માટે દરેક ગ્રંથ કર્તાએ રસનું શુદ્ધહાર્દ સમજવું તેને વાપરતાં શીખવું, અને રસના ગુણ દોષ જાણવા એ અગત્યનું છે.

ત્યારે હવે રસ કેટલા પ્રકારના છે, કેવા છે, તેઓનાં શું શું લક્ષણ છે, તે કેવી રીતે દોષ રહિત વાપરી શકાય આ વિગેરે જાણવાનિ આવશ્યકતા છે. કારણ કે ઉપર કહી જઈએ છીએ કે રસ એજ કાવ્યનું જીવન છે અને તેથીંજ કાવ્યમાં શબ્દાદિક દોષ કરતાં પણ રસ દોષને ભારે ગણેલો છે, માટે રસને સારી રીતે વાપરતાં તથા પોષતાં શીખવું એ દરેક ગ્રંથકારનું મુખ્ય કર્તવ્ય છે.

હવે રસ કેટલા છે ? રસ નવ છે અને તેઓ નિચે પ્રમાણે છે.

૧, શૃંગાર, ૨, હાસ્ય, ૩, વિર, ૪, રૌદ્ર, ૫, ભયાનક, ૬, અદ્ભૂત ૭, બીભત્સ. ૮, કરૂણા, ૯, શાન્ત.

આ નવ રસો મુખ્ય હોઇ કાવ્યમાં કાવ્યકારનિ મરજી પ્રમાણે લાવી શકાય છે.

કવિત.

નગમાંહે હિમાલય, નદીમાંહે જેમ ગંગ
સુરમાંહે સુરપતિ, જોગિમાં હે શીવ છે
શીતા જેમ શકિતમાંહે, સતિમાંહે સીતા તેમ
અપ્સરામાં ઉરવશી, ચંદ્ર તારામાંહે છે.

નરમાંહે વિષ્ણું શ્રેષ્ટ, રામ રાજામાંહે તેમ
કાવ્ય માંહે માઘ જેમ, કવી કાળીદાસ છે
રૂતુમાંહે વસંતને, મણિમાંહે પાર્સ[1] જેમ
એમ રસ સર્વમાંહે, શૃંગાર શીરોમણી

પર્વતોમાં જેમ હિમાલય, નદીયોમાં ગંગા, દેવમાં ઇન્દ્ર. યોગિમાં શીવ, શકિતમાં પાર્વતિ, સતિમાં સીતા, અપ્સરામાં ઉર્વશી, તારામાં ચંદ્ર, નરમાં વિષ્ણું, રાજાઓમાં રામચંદ્ર, કાવ્યમાં માઘ, કવિમાં કાળીદાસ, રૂતુમાં વસંતરૂતુ, મણીમાં પારસ મણી,[1] જેમ શ્રેષ્ટ છે તેમ સર્વે રસોમાં શૃંગાર રસ શ્રેષ્ટ છે માટે તેનું પ્રથમ વર્ણન કરવું ઉચિત છે.

હવે શૃંગાર એટલે શું ? કેશવદાસ કવિ શૃંગાર રસનિ વ્યાખ્યા આ પ્રમાણે આપે છે.—

દોહા.

રતિ મતિકી અતિ ચાતુરી, રતિ પતિ મંત્ર વિચાર
તાહી સો સબ કહતહે, કવિ કોવિદ શૃંગાર.

ભાવાર્થ—રતિનો પતિ કામદેવ તેની જેમાં ચાતુરી અતિ હોય તેનો વિચાર, અને જેમાં કામનું પરીયાણુ તેને શૃંગાર રસ કહીએ.

હવે શૃંગાર કેટલા પ્રકારનો છે તેના શું શું અને કેટલા ભાગ થઇ શકે તેમનાં લક્ષણ ઇત્યાદિ જાણવું અગત્યનું છે. શૃંગાર એટલે શું તે વ્યાખ્યા આપિ, હવે શૃંગારના બે મોટા ભેદ છે, એક સયોગ શૃંગાર અને બીજો વિયોગ (વિપ્રલંભ) શૃંગાર. સંજોગ શૃંગાર એટલે નર અને નારી બે એકઠાં હોય ત્યારે જે વર્ણન કરવામાં આવે તે શૃંગારને સંયોગ શૃંગાર કહેછે, અને નાયક, નાયકા એક બીજાથી છુટાં પડે ત્યારપછી જે શૃંગાર વર્ણવાય તેને વિયોગ શૃંગાર કહેવાય.

આ શૃંગારના બે મોટા ભેદના પણ બે બે ભેદો થઇ શકેછે, એક પ્રચ્છન્ન (છાનો) અને બીજો પ્રકાશ. સંભોગ પ્રચ્છન્ન શૃંગાર એટલે જે શૃંગારને નાયક નાયકા કે દૂતિ શિવાય કોઇ બીજુ જાણતું ન હોયતે. સંભોગ શૃંગાર પ્રકાશ એટલે જે શૃંગાર બહાર જણાયલો હોય તે.

---

૧ આ મણી જે ધાતુને અડકે તેતું સોનું થઈ જાય એમ માનવું છે.

પ્રચ્છન્ન સંયોગ શૃંગાર—ઉદાહરણ.

સવૈયા. ઇન્દ્રવિજયનિ ચાલ.

વનમાં વૃષભાન કુમારિ મુરારિ,
રમે રૂચિથિ રસ રૂપ પિયે
કલ કુંજીત પુંજીત કામકલા,
વિપરિત રચિ રતિ કેલિ કરી
મુનિ શોભેછે શ્યામ જડાવજરી
અતિ ચોકિચલિ ચલચારૂ હયે
મખતુલનિ ઝુલ ઝુલાવે છે ભાનુહિ
આપ શનિશ્વર ખોલે લયે.

ભાવાર્થ—એક વખતે વનમાં વૃષભાન કુમારી (રાધાજી) અને મોરારી (કૃષ્ણ) બન્ને જણાં પ્રિતિ વિલાસ કરેછે. રૂચીથી અધર રસ પીયે છે. કલ (મનહર) કુંજીત (શબ્દાયમાન.) અને પુંજીત (આરંભી) એવી જે કામક્રીડા તે વીષે વીપરીત રતી રચીછે. રાધાજીના કોટમાં જડાવ ચોંકીછે અને તેમાં શ્યામ રંગનો મણી કાળે હીરે પરોવેલોછે અને તેની આસપાશ હીરા જડેલાછે તેથી જાણે મખતુલરૂપી હીંચકાપર સૂર્ય શનીશ્ચરને ખોળે બેસાડી ઝુલાવતો ન હોય એમ લાગેછે. આ શૃંગારને કોઇ જાણતું નથી અને બન્ને એકઠાં છે ત્યારે વર્ણવેલો હોવાથી આ પ્રચ્છન્ન સંયોગ શૃંગાર છે.

પ્રકાશ સંયોગ શૃંગાર, પ્રકાશ વિયોગ શૃંગાર લક્ષણ—પ્રકાશ સંયોગ અને પ્રકાશ વિયોગ તેને કહેવો કે જેને પોતપોતાના ચિત્તમાં બધા જાણે.

હવે જ્યારે આપણે રસ અનુભવીયે છીએ ત્યારે કેટલાંક ચિન્હો કુદરતી રીતે બહાર પ્રગટ જણાય છે, આ કુદરતી ચિન્હોને ભાવ કહે છે.

હવે ભાવ એટલે શું ? તે કેટલા પ્રકારના છે—ભાવ એટલે, મોંના, નેત્રના ચાળા અને વાણીપરથી જે મનની વાત જણાય તેને ભાવ કહે છે અને તે પાંચ પ્રકારના છે—

દોહા.

ભાવ પાંચ પ્રકારના, વિભાવ ને અનુભાવ,
સ્થાઈ સાત્વિક હેતુ છે, પંચ વિભાવરી ભાવ.

૧ વિભાવ, ૨ અનુભાવ, ૩ સ્થાઇ, ૪ સાત્વિક, ૫ વિભાવરી એ પાંચ પ્રકારના ભાવ છે. હવે તેઓનાં લક્ષણ.

હવે પહેલો જે વિભાવ એટલે શું ? જે ભાવથકી અનેક રસ ઉપજે, અનાયાસે પ્રગટ થાય તેને મોટા કવિયો વિભાવ કહે છે.

આ વિભાવના બે ભાગ કરેલા છે-૧ આલંબન વિભાવ જેને રસ અવલમ્બી રહેછે તે, ૨. ઉદ્દીપન વિભાવ જેથી રસ ઉપજે છે તે. શૃંગારમાં આલમ્બન વિભાવ—

છપય છંદ.

દંપતિ યૌવનરૂપ, જાતિ લક્ષણ શુભ સખિજન
કોકિલ કલિત વસંત, ફુલ ફલ દલ અતિ ઉપવન
જલચર જલ સહ યુક્ત, કમલ મધુકર કમલાકર
ચાતક મોર સુશબ્દ, તડિત ધુનિ અંબુદ અમ્બદ
શુભ સેજ દીપચ ગંધ ગ્રહ, પાન ગાન પરિધાન
મણી સુંદર નવ નૃત્ય ભેદ, વાદ્યવીણાદીક તાન.

ભાવાર્થ—નાયક અને નાયકા બન્ને તરૂણ, રૂપ યુક્ત, સારાં કુળનાં, શુભ લક્ષણવાળાં સખીજન યુક્ત, કોકિલના શબ્દ, ફળ ફુલાદીકનું બેસવું, વસંતમાસ, ભમરા, કમળ, મિન (માછલાં) સહ નીર્મળ પાણીના હોજો યુકત ઉપવન (બાગ), ચાતક મોર આદીક પક્ષીઓના મધુર આલાપો, વર્ષારૂતુ, સુંદર સેજ, દીપ, સુગંધી દ્રવ્યોનું સેવન સુંદર ગ્રહ (ઘર) ખાવા પીવાને અને ઓઢવા પહેરવાને સુંદર વસ્તુઓ, નવા નવા પ્રકારના નૃત્યભેદ, વીણા આદીક વાજીત્રોના મધુર નાદ ગાન વિગેરે શૃંગાર રસનાં આલંબન સ્થાન છે.

હવે શૃંગાર રસમાં ઉદ્દીપન વિભાવ કયા કયા છે ?

દોહા.

આલિંઘન આલાપને, રંભન નખરદ દાન
ચુમ્બનાદી ઉદ્દિપ છે, મર્દન સ્પર્શ પ્રગાણ.

ભાવાર્થ—વાતચીત કરવાથી, આલિંઘન (બાથ ભીડી ભેટવું તે) થી, નખક્ષતથકી, ચુમ્બનથકી, રતન મર્દન અને સ્પર્શ આટલાંવાનાંથી કામનું ઉદ્દીપન થાય છે, તેથી તેઓ ઉદ્દીપન વિભાવ છે.

હવે અનુભાવ એટલે શું ? અનુભાવ આલંબન તથા ઉદ્દીપનનું અનુકર્ણું (સામગ્રિ) છે ને દંપતિ પ્રિતિનું નિધાન છે.

હવે સ્થાઇ ભાવ તે શું ? તેઓ કેટલા પ્રકારના છે ?

દોહા.

રતિ, હાશી, વળી શોકને, ક્રોધ ઉત્સાહ સુજાણ;
ભય, નિંદા વિસ્મય સદા, સ્થાઈ ભાવ પ્રમાણ.

ભાવાર્થ—રતિ કહેતાં પ્રિતિ, હાશી એટલે હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, નિંદા અને વિસ્મય એ સ્થાઇ ભાવ છે આ સ્થાઇ ભાવવડે જ નવ રસની ઉત્પતિ છે. જેમકે રતિ અથવા પ્રીતિથી, શૃંગારરસ, હાશી વડે હાસ્ય રસ, શોકથી કરૂણારસ, ક્રોધથી રૌદ્રરસ, ઉત્સાહથી વિરરસ, બીકથી ભયાનકરસ, નિંદાથી બીભસ્તરસ, વિસ્મયથી અદ્ભુત રસ. આસ્થાઇ ભાવો દરેક મનુષ્યમાં હોઈ જ્યારે કોઇપણ ઉદ્દીપન વિભાવથી નવમાંની એક વૃત્તિ ઉશ્કેરાઇ એટલે ભાવવડે બહાર જણાઈ આવી રસ પ્રગટ કરેછે.

હવે સાત્વિક ભાવ કેટલા છે ?

દોહો;

સ્થંભ, સ્વેદ, રોમાંચસ્વર ભંગ કંપ, વૈવર્ણ્ય
અસુપ્રલાપ વખાણીએ, આઠે નામ ન અન્ય.

ભાવાર્થ—સ્થંભ કહેતાં જડ થઇ જવું, સ્વેદ (પરશેવો વળવો), સ્વરભંગ (સ્વરનું ત્રુટવું), કંપ (કંપારી આવવી), વૈવર્ણ્ય (શરીરનું ફીકું પડવું) અસુ (આંસવાં આવવાં) અને પ્રલાપ એ આઠ સાત્વિક ભાવછે.

હવે આ શીવાય બીજા કેટલાક ભાવો પણ જોવામાં આવેછે તેઓને વ્યભીચારી ભાવ કહે છે.

દોહા.

રસ વર્ણવતાં ભાવ જે, નિયમ વિનાના થાય;
વ્યભિચારી તેને કહે, વિચારીને કવિરાય.

ભાવાર્થ—કોઇપણ રસનું વર્ણન કરતી વખતે કેટલાક ભાવો નિયમ વિનાના આવે છે તેને મોટા કવિયોએ વ્યભીચારી ભાવ એવું નામ આપેલું છે.

આ વ્યભીચારી ભાવ નીચે પ્રમાણે છે—ગ્લાનિ (મંદતા, ક્ષીણતા), નિર્વેદ (કાંઇ ઉકલે નહી), શંકા, આળસ, મોહ, સ્મૃતિ, ધૈર્ય, લજ્જા, ચ-

પલતા, શ્રમ, મદ, ચિંતા, ગર્વ, હર્ષ, વેગ, (વેદના), નિંધા, નિદ્રા, વિષાદ (ખેદ પામવો), જડતા, ઉત્કંઠા, સ્વપ્ન પ્રબોધ વિવાદ અપસ્માર, અતિ ઉગ્રતા, ત્રાસ, તર્ક, વ્યાધી, ઉન્માદ, મર્ણ, ભય, દૈન્ય, ઇત્યાદી.

હવે હાવ એટલે શું ? તેઓનાં શું શું લક્ષણ છે?

દોહા.

જે સંયોગ શૃંગારને, કરતાં ઉપજે ભાવ;
તેજ ભાવ પ્રભાવથી. સોળજ ઉપજે હાવ.

ભાવાર્થ—શૃંગારમાં રતિ સમયે કે અન્ય સમયે ભાવમાંથી હાવ ઉત્પન્ન થાયછે અને તે સોળ છે. તેઓનાં નામ નીચે પ્રમાણે છે.

દોહા.

કિલ કિંચિત, વિભ્રમ, લલિત, હેલા, લીલા, હાવ,
વિહૃત, કુટ્ટમિત, મદ, તપન, મૌગ્ધ્ય, એકાદશહાવ;
મોટા વિત, વિચ્છિત્તિ કહ્યા, વળિ વિચ્છોક, વિલાસ;
વિચ્છેપક, એ સોળ છે, કીધા કવી પ્રકાશ.

ભાવાર્થ—૧ કિલ કિંચિત, ૨ વિભ્રમ, ૩ લલિત, ૪ હેલા, ૫ લીલા, ૬ હાવ, ૭ વિહૃત, ૮ કુટ્ટમિત, ૯ મદ, ૧૦ તપન, ૧૧ મોગ્ધ્ય, ૧૨ મોટાવિત, ૧૩ વિચ્છિતિ, ૧૪ વીચ્છોક ૧૫ વીલાસ, ૧૬ વીચ્છેપક આ સોળને મોટા કવીઓએ હાવ કહેલા છે.

આ બધા હાવ ભાવાદીકનાં ઉદાહરણો તથા વધુ વર્ણન આગળ આપવામાં આવશે.

હવે શૃંગારનો જે બીજો ભેદ વિપ્રલંભ શૃંગાર તેના ચાર ભેદ છે.
૧ પુર્વાનુરાગ ૨ કરૂણ ૩ માન ૪ પ્રવાસ વિપ્રલંભ.

આ વીશે વધારે વિવેચન તથા ઉદાહરણો બીજા ભાગમાં આપીશું.
હવે કરૂણા, હાસ્ય, બીભત્સ, શૃંગાર, વીર, ભયાનક, એઓને માંહોમાંહે વેર છે.

પ્રકરણ બીજું.

[1]નાયકા જાત.

દોહા.

પહેલી પદ્મણિ ચિત્રણિ, જુવતિ જાત પ્રમાણ
શંખિણિ હસ્તણિ ચાર એ, તેનાં કરૂં વખાણ.

ભાવાર્થ—સ્ત્રીની ચાર પ્રકારની જાત છે. ૧ પદ્મિણિ ૨ ચિત્રિણિ ૩ શંખણી ૪ હસ્તણી હવે આ ચારનાં લક્ષણ કહુંછું.

સૌથી પ્રથમ પદ્મણી કારણ કે તે બધી નાયકાઓમાં ઉત્તમ છે.

પદ્મિણિ લક્ષણ.

કવિત્ત,

પદ્મ પુષ્પ સમવાસ, અંગ સુકુમાર અતિ
સુંદિર સરોજ સમ, યોનિ જલહીન છે
ચંદશુ વદન તનુ, ચમ્પકશુ કુન્દનશુ
બણિ ઠણિ સર્વ અંગ, જેવિ જહાં જોઇએ
ભાવે દેવપુજા શ્વેત, વસનથી રૂચિહયે
રાખે લાજ માનો ગતિ, હંસના સમાન છે
થોડું ખાય પીકવેણી, વિચીક્ષણ મૃગનેણી
જેમાં ગુણ સુંદર એ પદ્મણી કહીએ.

ભાવાર્થ—જેનું અંગ સુગંધ યુક્તહોઇ કમલફુલના જેવી વાસ છે. જેનું અંગ અતી કોમળ છે જેનુ ખાનગી અંગ (યોની) અતી કોમળ હોઇ કમળ સમાન છે પણ જળવગરની છે. જેનું મુખ ચંદ્રના સમાન કાંતીવાળું છે. જેના અંગનો રંગ કુંદન (સોના) સરખો અગર ચંપાના પુષ્પ જેવો છે. અને જેના દરેક અવયવો પ્રમાણ સર હોઇ જેવા જોઇએ તેવા દરેક ઠેકાણે સુંદર રીતે આવી રહેલાછે. દેવશેવા ઉપર પ્રીતી છે, શ્વેત

---

૧ આ ઠેકાણે નાયકા એટલે સ્ત્રી સમજવી, સાહીત્યના ગ્રંથોમાં સ્ત્રીને નાયકા અને પુરૂશને નાયકકલ્પી તેઓનું વર્ણન કરેલ છે. તેથી અમે પણ તેજ નામ રાખ્યાં છે.

પશ્ન પ્રીય લાગેછે. મનમાં જે લાજ રાખેછે. હંસની સમાન તો જેની ચાલવાની ગતી છે. થોડું ખાનારી, કોયલના જેવી મીઠીવાણી બોલનારી, અગર કોયલના જેવા કાળાવાળવાળી ચંચળ મૃગના સમાન તો જેની આંખ્યો છે અને સર્વ સારા ગુણોથી યુકત સ્ત્રીને પદ્મણી કહેવી. પદ્મણીને કામ થોડો હોયછે પતીપર ભાવ રાખેછે અને હમેશ પતીની મર્યાદામાં રહે છે. આવા ગુણોથી યુકત સ્ત્રીને પદ્મણી કહેવી.

હવે ચીત્રણિનાં લક્ષણ કહું છું—

કવિત્ત.

છીન કટી પીન કુચ મીનથી ચપળ નેણ
ગજગામી કાળા વાળ મોર સમવાણી છે
મધુ સમ ગંધ જેના સુરતના જળ માંહે
લાંબી છે ન ઠીંગણી ન પાતળી ન જાડી છે
સુંદર સલોમ સુકુમાર યોની જેહ મધ્ય
શ્વેત ફુલ કટોરામાં જાણે ભર્યું છે
રતિ સમે રતિ નહી ઉપભોગ અન્ય સમે
ચિત્રને સંગિત ગમે ચીત્રણિ વખાણિ છે.

ભાવાર્થ—ચિત્રિણિ સ્ત્રીની કટી પાતળી, નિતંબ (પાછલો ભાગ) મોટા સ્તન કઠણ, માછલા કરતાં પણ ચંચળ જેનાં નેત્રો છે, હાથીના જેવી જેની સુંદર મસ્ત ચાલ છે, કાળા સુંદર વાળ વાળી, મોરના જેવી જે રસીક વાણી બોલનારી, જેના સુરત જળની સુગંધ મધના સરખી છે. જે શરીરે બહુ ઉંચી નહીં તેમ નીચી નહી (સાધારણ–ઘાટસર), અને અતિ જાડી પણ નહી તેમ પાતળી પણ નહી જેની યોની સુંદર લોમ (વાળ) યુકત અને જેમ ભરેલા પાણીના પ્યાલામાં શ્વેત પુષ્પ શોભે તેમ ત્યાં શોભે છે જેને રતિને સમયે કામ ઉત્પન્ન થતો નથી પણ અન્ય સમય ભોગની ઇચ્છા રાખે છે. ચીત્ર, ગાયન, વાજીંત્ર ઉપર પ્રીતિ હોય અંગની સુગંધ સુવાસીત પુષ્પ સમાન હોય છે. ચંદ્રસમ જેનું તેજસ્વી સુંદર [1]આનન હોય, શરીરનાં રોમાંચ (રૂવાંડાં) આછાં અને લીસાં હોય, પુત્રપર પ્રીતિ રાખનારી, બાલકથી ભોગ ઇચ્છે, તેવી સ્ત્રીને ચિત્રણિ જાણવિ—

---

૧ આનન=મોં. મોઢું.

હવે ત્રીજી જે શંખણિ સ્ત્રી તેનાં લક્ષણ કહું છું—

શંખણિ લક્ષણ.

કવિત.

મોટી લાંબી નસો દેહ છીન ઉંચી મોટી કટી
વાંકું જોવાવાળી કુચ નાના મને મેલી છે
જોનીમાં વિગંધ કાગ જળ નિકળે અપાર
ઉતાવળી ચાલે બોલે ગાજતો જો ધન છે
રાતાં વસ્ત્ર ઉપર તો પ્રીતિ જેને ઘણી મન
તાતું અંગ દયા હીન હમેશ રીસાળ છે
દીર્ઘ દંત લાંબા પાય અતિ અન્ન તે તો ખાય
એવાં જેનાં ચીન્હ તેહ શંખણિ કહેવાય છે.

ભાવાર્થ—શંખણિ સ્ત્રીને મોટી લાંબી નસોને દુબળો દેહ પ્રાપ્ત થએલો હોય છે. તે પોતે શરીરે ઉંચી હોઇ કમ્મર તેની પહોળી હોય છે. વક્ર દૃષ્ટિ કરી જોવા વાળી ને સ્તન જેનાં શરીરના પ્રમાણમાં નાનાં છે. મનની મેલી (જેનું મન સ્વચ્છ આયના માફક ચોખ્ખું નહી) જેનું ખાનગી અંગ (યોનિ) દુર્ગંધવાળું, સુરતજળ વધારે જાડાં, કાંટા જેવાં અને ઘણાં રોમ જેના શરીરપર છે. ચાલે છે તે ઉતાવળી ઉતાવળી કાંઇ પણ ઠેકાણા વગરની. બોલે છે તે જાણે મેઘ આકાશમાં ગાજતો હોય નહી. રાતાં વસ્ત્રપર આદર કરે છે. નખપર દૃષ્ટિ રાખી પારકા પુરૂષનું મન હરણ કરે છે. શરીર જેનું તાતુ (ગરમ) હોય જેના મનમાં દયાનો તો એક છાંટો પણ ન હોય જે હમેશાં રીસાળ, ક્રોધ યુક્ત અને ધુંધવાતિ રહેતિ હોય. મોટા દાંતવાળી પગ હાથ જેના મોટા છે અત્યંત ખાવાવાળી અને એવાંજ બીજાં અપલક્ષણવાળી વળી જેનું શરીર વાસ મારે છે એવી સ્ત્રીને શંખણિ જાણવી.

હવે સ્ત્રીનો ચોથો ભેદ જે હસ્તીનિ છે તેનાં લક્ષણ કહુંછું.

હસ્તિનિ લક્ષણ.

કવિત.

મોટી દેહ મોટા હોઠ, ભુરા વાળ ગોરી આપ
થોડી લાજ પેટભરી, ખાતાં તે અક્રાન્તિ છે

વાંકા પગ, પગતણી, આંગળી છે વાંકી બધી
ઢીંગણિને ક્રુર વળી, બોલે નાદ મોટો છે
કામજળતણી વાસ, મદ જાણે ગયંદનો
સુરત ન જેની જોડે સુખે થઇ શકે છે
ચાલે મંદગતિ ગૃહિ આંખ્યોવળી આડી રહે
લક્ષણ એ હસ્તનિનાં દાંધેલાં દેખાડી છે.

ભાવાર્થ—જેની મોટી દેહ છે, જેના હોઠ મોટા અને જાડા છે; વાળ ભુરા રંગના છે અંગ ગોરૂ લાજ થોડી અગર બીલકુલ નહી કહીયેતો ચાલે. બહુજ ખાનારી જાણે અકાન્તિ હોય નહી એમ જેના પગ વાંકા છે અને વળી પગનાં આંગળીયો પણ વાંકી છે. તે શરીરે ઢીંગણી છે, દયા વગરની અને ક્રુર છે તે બોલે છે ત્યારે મોટા ઘાંટા કાઢીને બોલે છે. તેને બીલકુલ મર્યાદા કે લોકાચારનું પણ કેટલીક વખતે ભાન નથી રહેતું, જેના કામજળમાં હાથીના મદ જેવી વાસ રહેલી છે (મદ-હાથીને જે ગંડ સ્થળમાંથી નીકળે છે તેને કહે છે) જેની જોડે જરા પણ રતી સુખ પડતું નથી. તે ચાલે છે તે ખુબ ધીમેથી, વળી જેની આંખ ચકળ વકળ આમ તેમ ફરે છે એવી આ સ્ત્રીનું નામ હસ્તિનિ આપેલું છે.

હવે સ્ત્રીને કયે કયે દીવસે કયાં કામ રહેછે તે બાબતો બીજા ભાગમાં આપીશું.

પ્રકરણ ત્રીજું.

(નાયકા ભેદ)

નાયકાના સાહીત્યકારોએ ગુણ, દોષ, લક્ષણ વિગેરે ધ્યાનમાં લઇ અતિ સુક્ષ્મ ભેદો પાડેલા છે, તેમાંના મોટા મોટા અહીંયાં દર્શાવેલા છે. હવે નાયકા (સ્ત્રી)ના ત્રણ મોટા ભાગ પડી શકે છે. ૧ સ્વકીયા, ૨ પરકીયા, ૩ સામાન્યા.

હવે એ ત્રણેનાં લક્ષણ.

દોહા

સ્વકિયા કહિયે આપણી, પરકિયા પરનારી
સામાન્યા તેને કહો, જેને ધનથી યારિ

ભાવાર્થ—પોતાની પરણેલી સ્ત્રી હોય તે સ્વકિયા, પરસ્ત્રી કહેતાં પારકાને પરણેલી અને તેની જોડે અન્ય નાયક રતી કરે તો તેની તે પરકીયા, સામાન્ય એટલે ગણિકા અથવા વેશ્યા. સામાન્યામાં ફક્ત ધનનીજ પ્રીતિ રહેલી છે. તે પૈસો દેખી પ્યાર બતાવે છે અને તે પણ જુઠો. જ્યારે તે ખરા પ્યારથી નાયક જોડે જોડાય છે ત્યારે તે સામાન્યા મટી જાયછે કારણ કે તેને પછી ધનનો લોભ રહેતો નથી.

હવે સ્વકિયાનું લક્ષણ.

શાર્દુલની દેશી.

દેખે આડી દ્રષ્ટથી હસીત તો રહેછે વળી હોઠમાં
બોલે બોલ સુકંઠથી ભણુતિ તે ધીમી વળી ગોઠમાં
ચાલે મંદ ગતિથકી તો વળી તે સ્વપ્ને નહી ક્રોધછે
લોપે ના પતિ વેણ, કાન ધરતિ લજ્જા અને શીલ છે.

ભાવાર્થ—સાસુ, સસરો, પતિ, જેઠ, જેઠાણી, દીયર નણંદ વિગેરેની સાચા દીલથી સેવા કરનારી, પતિવ્રતા, સત્ય બોલનારી, ધીમેથી નરમ સુંદર ભાષણ કરનારી, ક્રોધ રહિત, શીલ યુકત અને પરણેલી પોતાની સ્ત્રીને સ્વકીયા કહેવાય. બીજી આથી પણ વિપરીત ગુણોવાળી પણ સ્વ પરણેલી સ્ત્રી સ્વકીયા કહી શકાય પણ કાવ્યોમાં તેવીનું વર્ણન કવચિતજ કરવામાં આવે છે. હવે આ સ્વકીયા સ્ત્રીના પણ ત્રણ ભેદ છે.

દોહા.

ત્રણ ભેદ સ્વકિયા તણા, વિવીધ કરૂં વખાણ
મુગ્ધા, મધ્યા, પ્રગલ્ભા, ત્રણે નામ પ્રમાણ

ભાવાર્થ—હવે સ્વકીયા નાયકાના મુખ્ય ત્રણ ભેદ થઇ શકે છે ૧ મુગ્ધા, ૨ મધ્યા, ૩ પ્રગલ્ભા આને પ્રૌઢા પણ કહે છે. પ્રથમ કીશોર અવસ્થા, તે પછી મુગ્ધાવસ્થા પછી મધ્યાવસ્થા. પ્રૌઢા, અથવા પ્રગલ્ભાવસ્થા અને પછી વૃદ્ધાવસ્થા, આ અવસ્થામાં સંક્રાંત થએલી સ્ત્રીની કામ વૃત્તિ તદન નાશ પામે છે. જુદા જુદા સાહિત્યકારોએ દેશકાળ અને લક્ષણ જોઇ આ અવસ્થાઓની જુદીજુદી હદ બાંધીછે પણ સાધારણરીતે જોતાં, દશ, અગીઆર વર્ષસુધી કીશોરઅવસ્થા. અગ્યારથી તે ચૌદ પંદર વર્ષસુધી મુગ્ધાઅવસ્થા. પંદરથી સત્તર અઢાર વર્ષસુધી મધ્યાવસ્થા અને અઢારથી ત્રીસસુધી પ્રૌઢા અથવા પ્રગલ્ભાવસ્થા. આ અવસ્થા પછી વૃદ્ધાવસ્થાની શરૂઆ

ત થાયછે, પણ અડતાલીશ વર્ષસુધી સન્જેવના રહે. આ કાંઇ બરાબરજ હદ બાંધી છે એમ કહી ન શકાય એ તો માત્ર તે તે નાયકાઓનાં લક્ષણ જોઈ તેમને ઘટીત નામ અપાય છે. હવે મુગ્ધાનાં લક્ષણ—જેને સાસરાંયાં જોડે બરાબર પરીચય નથી, પતિ જોડે વાકૂવિનોદ્ કરતાં અતિ શરમ આવે છે. જે અત્યંત શરમ યુકત હોઇ મનમાં સંકોચાય છે. પતિ પરથેર લુબ્ધ છતાં વળી તે નજરે જોયા છતાં પણ તેને ઠપકો આપી શકતિ નથી અને પોતે છાની છાની રડી પડે છે. તે મુગ્ધા કહેવાય.

દોહા.

જેના તનમાંહે વળી, યૌવન તણો પ્રકાશ
થોડો થોડો ચમકતો, મુગ્ધા કહિયે તાસ.

ભાવાર્થ—મુગ્ધાનામાં પ્રથમજ કામનો અંકુર ફુટયો હોયછે તેથી તે બીચારી શરમાયછે, પતીથી બીહેછે અને પોતાનો પ્રેમ પતીને બતાવી શકતી નથી. તેને રતી ઉપર ઝાઝી પ્રીતી હોતી નથી પણ એ બાબત તેને મનમાં ગમતી છતાં મોંએ શરમને લીધે ના,ના, કર્યા કરેછે. હવે વળી મુગ્ધાના પણ બે મોટા ભેદ અને ચાર પેટા ભેદ થઇ શકેછે. બે મોટા ભેદ. ૧ જ્ઞાત યૌવના મુગ્ધા, ૨ બીજી અજ્ઞાત યૌવના મુગ્ધા—અજ્ઞાત યૌવના મુગ્ધા યૌવનને જાણતી નથી.

અજ્ઞાત યૌવના મુગ્ધા લક્ષણ.

દોહા.

યૌવનતા નીજ અંગનિ, નવ જાણે જે બાલ
અજ્ઞાત્ યૌવના તો કહે, પંડીત ગુણિ રસાલ.

ભાવાર્થ—જે બાલાને પોતાના અંગમાં યૌવનનો પ્રવેશ થયો હોય, શરીરની અંદર ફુટેલા યૌવનના અંકુરની માહીતી નથી. જે કામને જાણતી નથી એવી મુગ્ધાને અજ્ઞાત યૌવના મુગ્ધા નામ પંડીતોએ આપેલુંછે. જેમ કે કોઈ એક અજ્ઞાત યૌવના મુગ્ધા પોતાની માતાને પોતાના સ્તન ઉપડતા જોઇ કહેછે.

અજ્ઞાત્ યૌવના મુગ્ધા ઉદાહરણ.

છંદ હરિગીતની ચાલ.

માને કહ્યું દોડી જઇ બેશી રહી કાં આમતો
શું સાંભળે નિશ્ચિંત થઇ મારી ગઇ સૌ હામતો

મુજ મનમાંહે બીક પ્રગટી મૂખ કહેવાતિ નથી
હતી કાલ સુધી કલી કાચી આજ સોપારી વધી

ભાવાર્થ—કોઈ એક મુગ્ધા પોતાની ઉપડતી છાતી જોઇ તેનું ખરૂ કારણ સમજવાને અશકત હોવાથી પોતાની માતા આગળ જઇ તેને આ પોતાના સ્તન ઉપડવાનું કારણ પુછે છે. આપરથી તે મુગ્ધા અને વળી અજ્ઞાત યૌવના છે એમ સાબીત થાય છે. કારણ કે તેની છાતી ઉપડવાનું કારણ જે યૌવન તેનું તે રહસ્ય જાણતી નહોતી.

હવે જ્ઞાત યૌવના મુગ્ધા એ જે મુગ્ધાનો બીજો ભેદ છે તે પોતાના તનમાં યૌવનનો જે અંકુર ફુટયો છે તેને જાણે છે.

જ્ઞાત યૌવના મુગ્ધા લક્ષણ.

દોહા.

યૌવન પોતા તનતણું, જાણે છે જે વામ;
દીધું કવી વિવેકથી, જ્ઞાત યૌવના નામ.

ભાવાર્થ—જે પોતાના તનમાં પ્રગટેલ યુવસ્થાના અંકુરોનું રહસ્ય જાણવાવાળી છે તેને જ્ઞાત યૌવના મુગ્ધા કવીઓ કહેછે.

જ્ઞાત યૌવના મુગ્ધા ઉદાહરણ.

છંદ હરિગીતની ચાલ.

પેખી ઉપડતિ છાતિને, સખી સર્વ ત્યાં વાતો કરે
સુંદર નવિ આ બાલને, સ્વામિન્નકો જોઇએ ખરે
[1]શ્લાઘો સુણી નીજ રૂપનાં તે, શરમથી આઘી ખશી
દ્રષ્ટી ચુકાવી શરિર ભાલિ જરોક તે મનમાં હશી.

ભાવાર્થ—આમાં ઉપડતી છાતીથી યૌવનનો પ્રકાશ બતાવ્યોછે. સખીઓનુ આવું ભાષણ (સ્વામી જોઇએ) સાંભળી તે મનમાં શરમાઈ, સંકોચ પામી આઘી ખશી, તેથી તેનું મુગ્ધાપણું બતાવ્યુંછે અને વળી પોતાના શરીરને જોઇ પોતાનુ યૌવન અને તેથી ખીલતી શરીર કળી જોઇ મનમાં મલકાઇ પોતે હસી તેથી આ ઉદાહરણ જ્ઞાત યૌવના મુગ્ધાનુંછે એમ સીદ્ધ થાયછે.

વળી મુગ્ધાના ચાર પેટા ભાગ થઇ શકેછે પણ દરેક ભાગમાં ઘણાં

---

૧ શ્લાઘ—વખાણ.

ખરાં એકજ લક્ષણો પ્રાધાન્ય હોઈ ઉદાહરણ આપવાની આવશકતા લાગેલી નહી તેથી નથી આપ્યાં આ ભેદ નીચે પ્રમાણે છે. ૧ નવ મુગ્ધા, ૨ નવ યૌવના, ૩ નવલ અનંગા, ૪ લજ્જાપ્રાય.

નવમુગ્ધા લક્ષણ—જે સ્ત્રી બહુજ શરમ મનમાં આણતિ હોય સંકોચાતી હોય પણ જેની કાન્તી યૌવનના પ્રભાવથી દીનપર દીન ચઢતિ જતી હોય.

નવ યૌવના લક્ષણ—જેના શરીરમાં બાલ્યાવસ્થા નિકલવા આવી છે અને યૌવનના અંકુરો ફુટતા દેખાય છે તે.

નવલઅનંગા લક્ષણ—જે સ્ત્રી બાળકની પેઠે હસે બોલે ખેલે પણ રતિથકી ત્રાસ પામે.

લજ્જા પ્રાય લક્ષણ—જે રતિ સમે અતિ લાજ ધરે છે અને પતિની જોડે પ્રીતિ વધારે છે.

મુગ્ધાશયન.

દોહા.

મુગ્ધા શયન કરે નહી, પિય સંગ સુણો સુજાણ
જો કઇ સખિ સુવાડે તો, સુખ નહી તેહ સમાન.

ભાવાર્થ—મુગ્ધા સ્ત્રી પતિ જોડે સુતાં શરમાય છે. સંકોચાય છે અને અત્યંત બીહે છે. જો કોઇ સખી હેત કરી સમજાવી સુવાડે તો તેના જેવું અન્ય સુખ નહી.

મુગ્ધાસુરત.

દોહા.

મુગ્ધા સુરત કરે નહી, સુવાથી સુખમાન
છલ બલ કરીને જો કરે, હોય સૂખની હાણ.

ભાવાર્થ—મુગ્ધા જોડે રતિ થઇ શકે નહી, તે જોડે સુવે એટલે બધું સુખ મળી ચુકયું. કદાપી છલ બલ કરીને સમાગમ કરે તો સુખ નો હાણ થાય (સુખ ન મળે).

મુગ્ધા માન.

દોહા.

મુગ્ધમાન કરે નહી, કરે તો સુણો નિદાન
બાલક સમ ભિવરાવિએ, માન મૂકે અજ્ઞાન

ભાવાર્થ—મુગ્ધા બહુધા માન કરતી નથી અને કદાપિ જો કરે તો તેને બાળકની પેઠે બીવડાવ્યાથી તે માન મુકી દે છે.

મુગ્ધામાન મોચન ઉદાહરણ—એક સમે રાધાજી અને શ્રીકૃષ્ણ બેઠાં છે. તેવામાં રાધાજીને કાંઇક કારણથી માન ઉપજ્યું ત્યારે કૃષ્ણે સમો જોઇ કહ્યું કે પેલો સર્પ આવ્યો. રાધા આથી બીહીને કૃષ્ણને કોટે લપટાઇ ગયાં એટલે કૃષ્ણ હસ્યા ત્યારે રાધાએ જાણ્યું કે મને છેતરી.

પ્રકરણ ચોથું.

(નાયકા ભેદ).

નવોઢા.

હવે નવોઢા એટલે શું ? નવોઢા કોને કહેવી ?

દોહા.

મુગ્ધાપણમાં જેહનું, વેવિશાળ તો થાય
નવોઢા નારિ તેહનું, સાહિત નામ ગણાય
ડરે વળી શરમાયને, રતિ કથાનો અભાવ
સંકોચાય મનમાં ઘણી, અલંકાર પરભાવ.

ભાવાર્થ—નવોઢા તેને કહેવી કે જે મુગ્ધાપણામાં પરણી હોય, અતી લાજ યુકત અને સંકોચાતી હોય, તે મુગ્ધાને મળતી હોઈ રતી વીગેરે બાબતમાં માહીતગાર નથી હોતી. પણ ઘરેણાં લુંગડાંપર પ્રીતી હોયછે.

નવોઢા ઉદાહરણ.

છંદ હરિગીતની ચાલ.

જે રૂપની આગળ વળી રતી રૂપ તો રતી માત્ર છે
તિલભાર તેના રૂપ પાસે તિલોત્તમા કુણ માત્ર છે
અલબેલિ આભુષણ ધરી સખી સાથ રમવા પરવરે
સૌ સાથને આડો દઈ નીજ સ્વામી જોવાનું કરે.

ભાવાર્થ—જેના રૂપની આગે રતિનુ રૂપતો રતિભાર લાગે, જેના તલભાર પણ રૂપ પાસે તિલોત્તમા (સ્વર્ગની એક દેવાંગના)નુ રૂપ ક્ષુદ્ર લાગે, બધા વસ્ત્રા ભુષણ ધારણકરી તે સખીઓ જોડે રમવા પરવરેછે અને

તેમને બધાંને આડાંકઇ પોતાના સ્વામીને જોવા ઇચ્છે છે. આમાં ખીલતિ જુવાનીથી તે મુગ્ધા છે એમ જણાયછે. વળી વીવીધ પ્રકારનાં આભુષણો ધારેલાં છે તેથી તેનાપર એનો ભાવછે એમ લાગેછે અને બીજી બધીને આડી રાખી સ્વામીને જુવે છે તેથી આ નવોઢા છે એ સીદ્ધ છે.

નવોઢા સુરતાંત—નવોઢા પતી જોડે પહેલી રાતે સુતાપછી બીજી સવારે ઉઠે ત્યારે જાણે કે તે નવીજ દુનીયામાં પેઠી હોય તેમ અત્યંત સંકોચાઇ તે ઠેકાણેથી જરાપણ ખસતી નથી અને સંભોગ ચીન્હો પોતાના શરીરપર જોઇ અત્યંત લજ્જા વશ થાયછે અને તેમને છુપાડવા પ્રયત્ન કરેછે.

નવોઢા સુરતાંત—ઉદાહરણ.

કવિત

સ્વામી સંગ સુતિ ઉઠી બીજા પ્રાત સમે તેતો
શરમે છુપાઇ એમ ઘરમાંહે છે નહી
હાથથી છુપાડી છાતિ નમી ગાલ છુપાડતી
એહ સમે સર્વ સખી તિહાં વળી આવી છે
નણંદ જેઠાણી આવી હશી હશી લીધી તાળી
મુખડું નીહાળે એતો ઘુંઘટને ખોલીને
બધા એમ હાસ્ય કરે મશ્કર કરેલ હીસ
એમ હસી હસી તેને કામે ત્યાં લગાડે છે.

ભાવાર્થ—આમાં બીજી સવારે ઉઠી તરત કામે નહી લાગતાં ત્યાંજ બેશી રહી તેથી તેના શરમ બતાવી છે પોતે છાતિપર જે રતિ સમગે ક્ષત પડેલા છે તે અને ગાલપર દંતઘાત પડેલા છે તે છુપાડવાનો પ્રયત્ન કરે છે તેથી એમ જણાય છે કે તે અત્યંત સંકોચાય છે. વળી ત્યાં સર્વ સખીઓનું તથા નણંદ જેઠાણિ વિગેરેનું આવવું તે નવોઢા છે એમ બતાવી આપે છે. નાયકા તેઓની જોડે કશું બોલતી નથી તેથી તેનું મુગ્ધાપણું પ્રસીદ્ધ થાય છે અને પેલાઓ તેનું મોં ઉઘાડી મશ્કરી કરી તેને વધારે સંકુચિત બનાવે છે, તેથી આ નવોઢાનો સુરતાંત છે એ સ્પષ્ટ જણાયછે.

નવોઢાનો એક બીજો ભેદ છે તેને નવોઢા વિશ્રબ્ધા કહે છે.

નવોઢા વિશ્રબ્ધા લક્ષણ.

દોહા.

ડરે વળી શરમાય બહુ, પતિપર પુરો ન પ્યાર
નવોઢા વિશ્રબ્ધા કહે, પંડિત કરી વિચાર

ભાવાર્થ—નવોઢા વિશ્રબ્ધા અતિ સંકોચાય છે, ડરે છે શરમાય છે, વળી પતિપર પુરેપુરો પ્યાર બતાવી શકતી નથી (શરમને લીધે), રતિસંબંધી જ્ઞાન નહીં હોવાથી તેને તેનો અભાવો હોય છે.

નવોઢા વિશ્રબ્ધા ઉદાહરણ.

કવિત

પગ જોડે પગ વળી, પીંડીનો પીંડીની જોડે
ઝાંઘ, ઝાંઘ, જોડે જાણે કેળ ચોંટી બે રહી
એક કુચ પકડીને હાથવતિ સુંદર તે
એક હસ્ત થકી ઝાલી ઘુઘરીને તે રહી
ડરપતિ સુવે તેતો પ્રિતમથી એવી રીતે
સખાં સુણુ જોઉં રીતી આશ્ચર્ય અતીશ છે
કયાંઇ કહે આવું તારી દ્રષ્ટીએ ચઢેલ દીસે
નવાઇની રીત આતો પ્રીતિ કેમ થાય છે.

ભાવાર્થ—આમાં સ્તબ્ધ બની જવું પગ જોડે પગ ચોંટાડી દેવા વિગેરે કાર્યોથી ભય દર્શાવ્યો છે અને સ્તન પકડી રાખવા, નાડા આગળ હાથ રાખવો વિગેરે કારણો તેનો રતિપર અભાવ છે એમ સુચવે છે, તે મનમાં સંકોચાય છે અને પતિ જોડે સુવા છતાં પણ અંગ સાચવવાની તજવીજ કરે છે, તેથી તેનું મુગ્ધાપણુ સીદ્ધ થાય છે અને પતિપર પૂર્ણ પ્રીતિ નહીં હોય એમ જણાય છે, તેથી આ નાયકા નવોઢા વિશ્રબ્ધા છે.

નવોઢા વિશ્રબ્ધા સુરતાંત ઉદાહરણ.

કવિત.

કંચનના સમ કાયા કુંદન સમાન થઇ
ઢીલાં સૌ અંગ પડયાં, નેત્ર ચાલા દૂર થયા
આલસ ખાતિ એ બોલે, આભુષણો વિખરાયાં
કામ ક્રીડા કૌતકથી મન સકુચાય છે
આંખ તો ખેંચાય વળી વિખરાઇ લટ ગઇ
છતિ ઢુંકી ચાલ ચાલે પગ સ્થીરછે નહી
વાણી તેની સ્થીર નહી, શરીરનું ભાન નહી
એમ સર્વ ઉલટું ને સુલટું જણાય છે.

ભાવાર્થ—આમાં કંચન જેવી કાયા કુંદન જેવી થઇ તેથી તેનો પ્ર-

થમ સમાગમ છે એમ સીદ્ધ થાયછે ઢીલાં અંગ પડયાં વિગેરેથી પણ આ-જ બાબતને ટેકો મળેછે. સંભોગ પછી મન સંકુચાય છે તેથી તે નવોઢા છે એમ સીદ્ધ થાય છે. આંખ ખેંચાય છે આથી તે સંભોગથી પૂર્ણ સં-તોષ પામી હોય એમ લાગે છે અને ટુંકે પગલે ચાલવા છતાં પણ પગ સ્થિર રહેતો નથી તેથી તેની અત્યંત શરમ અને મુગ્ધાવસ્થા સાબીત થાય છે. આપરથી આ નવોઢા વિશ્રબ્ધા નાયકા સુરતાંત છે એ સીદ્ધ છે.

પ્રકરણ પાંચમું.

(નાયકા ભેદ.)

મધ્યાનાયકા.

હવે મુગ્ધાવસ્થા ઉતરતાં નાયકા મધ્યાવસ્થામાં સંક્રાન્ત થાય છે. મુ-ગ્ધાવસ્થા ઉતરતાં પહેલાં તો તે સાસુ, નણંદ, દેરાણી, જેઠાણી, વિગેરે સ્વસુર પક્ષનાં માણુસો જોડે પરિચીત થઇ, પતિ જોડે પણ કેટલીક ઘટતિ છુટ લેવાને શકતીવાન થઇ શકે છે. સાધારણ રીતે સંભો-ગાદિક કામ ક્રીડામાં કુશળ થયેલી હોય છે અને વળી કોઇક વખતે પતિ-ની જોડે જરા વધારે છુટ લેતાં શીખે છે ત્યારે જાણવું કે તે મધ્યાવ-સ્થામાંથી ઉતરી પ્રૌઢા (પ્રગલ્ભા) વસ્થામાં સંક્રાન્ત થાય છે.

મધ્યાલક્ષણ.

દોહા.

લાજ કામ હૃદે વીશે, રહ્યાં જ્યાંય સમાન;
સુંદર મધ્યા નાયકા, તેને કહે સુજાણ.

ભાવાર્થ—લાજ અને કામ જે નાયકાના મનમાં સમાન રહ્યાં હોય અને તેથી તે બે વચ્ચે હીંચકા ખાતિ હોય તેને મધ્યા નાયકા કહેવી.

મધ્યાનાયકા—ઉદાહરણ.

હરિગીત છંદનિ ચાલ.

અડતાં ચમકતો કુચને જેમ લતા અડતાં થાય છે
ચુમ્બન કરૂં જવ પ્યારીને તવ રોમ ઉભાં થાય છે
છાતી સમીપે લપેટું તો તે શરમે આંખ્યો મિચતિ
પ્રેમ શર્મનિ વચ્ચે આલિ રાત્રિ વિષે હીંચતિ

શરમાઈ નીચું ભાલતી તે સામું જોઉં હું કદા
મુજ દ્રષ્ટી આડિ હોય ત્યારે જોઇ હસતિ તે તદા.
પ્રેમ એના મન વિષે મુજમાટ પ્રગટયો જોઇ છે
મુખથિ વદી તે ના શકે પણ હ્રદે સાક્ષી પુરેલ છે. ૨

ભાવાર્થ—આમાં નાયક કોઇકિને કહે છે કે હું તે આને જ્યારે સ્પર્શ કરૂં છું ત્યારે લતાને અડવાં જેમ તે હાલે તેમ તે ચમકે છે. આ ચમક છે તેથી હજી તે શરમાય છે, પણ કામ ક્રીડા સમજતિ હોવાથી તે મુદીત થઇ આઘી ખસતિ નથી. એને છાતી જોડે દ્રઢાલિંધન આપતાં તે સ્પર્શથી સુખ અનુભવતી છતાં આંખ્ય મીચી સંકોચ જણાવે છે. આડી દ્રષ્ટિ હોય ત્યારે નાયકના સામું જોઇ હસે છે તેપરથી તેનો પતિ પ્રેમ સીદ્ધ થાય છે. તેથી આ ઉદાહરણ એક નાયકા જે મુગ્ધાવસ્થા ઉતરતાં તરતજ મધ્યાવસ્થામાં દાખલ થતી હોય તેનું છે એમ સાબિત થાય છે.

મધ્યાનાવળી ચાર ભેદ થઈ શકેછે—

દોહા.

મધ્યા આરૂઢ યૌવના, પ્રગલ્ભ વચના જાણ,
પ્રાદુર્ભૂત મનો ભવા, સુર્ત વિચિત્ર જાણ.

ચાર ભેદ.—૧ મધ્યા આરૂઢ યૌવના ૨ પ્રગલ્ભ વચના ૩ પ્રાદુર્ભૂત મનોભવા ૪ સુરત વીચીત્રા.

મધ્યા આરૂઢયૌવના લક્ષણ.—

દોહા.

મધ્યા આરૂઢયૌવના, પૂરણ યૌવનવંત
ભાગ્ય ભલું સૌભાગ્યછે, ભાવતિછે ગન કંથ.

ભાવાર્થ—જે પુરણ યૌવનવાળી હોય, સારા ભાગ્યવાળી અને જે કંથને પ્રીય લાગે એવી હોય તેને મધ્યા આરૂઢયૌવના જાણવી.

મધ્યા આરૂઢયૌવના—ઉદાહરણ.

કવિત્ત.

ચંદ્રશુ સૌભાગ્ય ભાલ, ભ્રકુટિ કમાન જેવી
કામના સમાન બાણ, આંખનાં કટાક્ષ છે
નાશિકા સરોજકલિ, આનન સુગંધ અતિ

દંત કલિ કુંદ જાણે વિધુત્ સગ હાસ્ય છે
કપોતનિ ગ્રીવા ગ્રીવા, હસ્ત જાણે પદ્મસગ
પોયણિ ઉદર જશું, સુકોમળ પાય છે
ચાલથકી હંસ જાણે, હંસતો રહેલ હારી
લાલ સુણો વાત એવી અન્ય ન દુલારિ છે.

ભાવાર્થ—હે લાલ મારી વાત સાંભળો. ચંદ્રમાના જેવું જેનું સદ્ભાગ્ય સુચવનારૂં કપાલ છે. ભમરતો જાણે કમાન (કામઠા)ના જેવી છે. કટાક્ષ તો જાણે કામનાંજ બાણુ હોયનહીં, નાક જાણે કમળની કળી જેવું, મુખ સુગંધ યુકત, દંત જાણે કુંદની કળીજ હોયનહીં એવા છે; તે હસે છે ત્યારે જાણે આકાશમાંની વીજળીજ ન હોય. કપોત (હોલા)ના જેવી જેની સુંદર ડોક છે, હાથ કમળ જેવા, પેટ પોયણીના જેવું, પગ અતિ કોમળ અને જેની ચાલ હંસના કરતાં પણ ચઢે, આવી સુંદરી બીજે કયાંય જોવામાં આવી નથી.

પ્રગલ્ભ વચના લક્ષણ.

દોહા.

પ્રગલ્ભ વચના તો કહો, બોલે જે કંઇ બોલ;
[illegible]િક બોલબો જો કદી, કરજો તેનો તોલ.

ભાવાર્થ—પ્રગલ્ભ વચના જે કાંઇ શબ્દ બોલે તે માર્મીક હોય, જરા પણ માર્મિક ઠપકો અંદર રહેલો હોય.

પ્રાદુર્ભૂત મનોભવા લક્ષણ.

દોહા.

પ્રાદુર્ભુત મનોભવા, મધ્યા કહુ વખાણિ;
તન મન ભુષણુ સોહામે, સુંદર કામ કલાણિ.

ભાવાર્થ—પ્રાદુર્ભુત મનોભવા તેને કહેવી કે જેનાં તન મન ભુષણુ કામની કળાનિ માફક પ્રકાશે છે મતલબત કે—કામોદ્દિપક હોઇ સૌંદર્યતા બતાવે છે.

મધ્યાનાયકા સુરતાંત.

કવિત.

દંપતિ કરતિ રતિ સુંદર સરસ અતિ
વારૂં રતિ પતિ બીજા હજારો રતિ પુરે

લાલના બે હસ્તપર લલનાની આવી જાનું
જોરથી ગ્રહીને ગ્રીવા અધરને ચુમ્બે છે
નાયકાના પગ બેઉ નાયકની કટીપર
દશ એ અંગુલી તેણે સમે કેવી શોભે છે
જાણે કામદેવ પાંચ પાંચ બાણ ગૃહી વળી
બન્ને બાજુએથી બાથા બાંધી પોતે ચઢયો છે

ભાવાર્થ—દંપતિ સુંદર રતિ કરે છે. આવી રમણીય રતિપર બીજા હજારો રતિ પતિ વારૂં. નાયકના બે હાથપર નાયકાની જંઘા આવી રહી છે. અને નાયક જોરથી ગ્રીવા (ડોક) પકડી અધરપાન કરે છે, નાયકની કેડપર નાયકાના બન્ને પગો એવી રીતે આવી રહેલા છે કે જાણે કામદેવ પાંચ પાંચ બાણ લઇ બન્ને બાજુએથી બાથા બાંધી ચઢયો હોય નહીં એમ લાગે છે.

આ સુરત સમાગમના ઉદાહરણ પરથી પણ મધ્યાલક્ષણ સમજાશે. તે રતિ કરી શકેછે ગ્રીવા જોરથી ગ્રહી નાયક ચુમ્બન કરેછે તેથી તે સંકોચ પામતિ હોય એમ જણાયછે અને તેથી તે મધ્યા નાયકા છે એમ જણાયછે.

પ્રકરણ ૬ હું.

(નાયકા ભેદ.)

પ્રૌઢા.

સ્ત્રી મધ્યાવસ્થાથી મુકત થઇને જે અવસ્થામાં સંક્રાન્ત થાય તેને પ્રૌઢાવસ્થા કહેછે. આ અવસ્થા પ્રાપ્ત થઇ એટલે સ્ત્રી સાસરીયાંથી પૂર્ણ માહીતગાર થઇ જાયછે. વળી પતી જોડે છુટથી વાત કરેછે, તે જાણે પતીને પી ગઇ હોયછે, અને પોતાનું કહ્યું થાય ત્યારેજ તે ઝંપેછે. તે યૌવન મદમાં પૂર્ણ છકી ગએલી, કામાંધ અને સંભોગથી પૂર્ણ સંતોષ પામતી નથી. તેને કોઇની લાજ કે બીક જરાપણ મનમાં છે નહીં અને પોતાના તોરમાં ને તોરમાં કોઇને ગણકારતી નથી. તેની શરીર કળી–યૌવનના જોરથી એક ખીલેલ ગુલાબની માફક સુંદર દેખાયછે. સ્તન માંસલ અને પીન (કઠણ) નીતંબ (પાછલો ભાગ) મોટા, કટી પાતળી, અને હાથીની માફક મસ્ત ચાલેછે. હાવ ભાવ અને કટાક્ષથી દરેકનું ચીત્ત વિહ્વળ કરવામાં તે અતી નીપુણ હોયછે. આવી સર્વાંગે ખીલેલી, પૂર્ણ યૌવન જેના અંગમાં હોય એવી નાયકાને પ્રૌઢા અથવા પ્રગલ્ભા કહેવી.

પ્રૌઢા લક્ષણ.

દોહા.

કામકેલીમાં અતિ ચતુર, પતિથી રતિ સમપ્રીત;
તેછે પ્રૌઢા નાયકા, રતી કરે વિપરીત.

ભાવાર્થ—કામક્રીડામાં કુશળ, પતીપર પ્રીતી રાખનાર, વિપરીત ર-તી કરી શકે તેવી નાયકાને પ્રૌઢા નાયકા કહેવી.

પ્રૌઢા ઉદાહરણ.

દોહા.

નાયક— ઝાંખી જોત દીવાતણી, જોજો પ્યારી થાય;
નાયકા— સ્નેહ ખુટયું છે દીપમાં, પ્રાત સમય નવ થાય.

અર્થ—લાંબા વખત સુધી રતિ કર્યા પછી નાયકે કહ્યું કે હે પ્યારી હવે દીવાની જોત ઝાંખી થઇ છે તેથી સવાર પડયું હોય એમ લાગે છે મા ટે હવે ચાલો ઉઠો. ત્યારે નાયકા બોલી "હે નાથજી દીવાની જોત ઝાંખી થવાનું એ કારણ નથી પણ એનો દીવામાં સ્નેહ (તેલ) ખુટયુંછે તેથી એમ થાય છે. મતલબ કે નાયકે કહ્યું કે હે સ્ત્રી હવે જોત ઝાંખી થઇ તેથી દીવ-સ ઉગ્યો માટે રતિ ક્રીડા બંધ કરીએ. પણ નાયકા તૃપ્તિ પામેલી નહી અ-ને ભોગની ઇચ્છા રાખનારી હોવાથી નાયકને આવી ચતુરાઇનો બોલ કહ્યો આપરથી તે સ્ત્રીભોગ ઘણો વાંછેછે, વળી તે બોલવામાં ચતુર છે કામની કળાઓ જાણનારી, પુર્ણ યૌવન, મદથી છકી ગએલી, પતિની બીલકુલ શ રમ ન રાખનારી સંકોચનો ત્યાગ કરેલો છે એમ જણાય છે. તેથી આ પ ણ પ્રૌઢા અથવા પ્રગલ્ભા નાયકાનું ઉદાહરણ છે એમ સીદ્ધ થાય છે.

પ્રૌઢાના પણ મુખ્ય ચાર ભેદ થઇ શકેછે—૧ વિચિત્ર વિભ્રમા પ્રૌ-ઢા, ૨ આક્રમિતા પ્રૌઢા, ૩ લબ્ધાયતિ પ્રૌઢા, ૪ સમસ્તકોવિદા.

વિચિત્ર વિભ્રમા લક્ષણ.

દોહા.

અતિ વિચિત્ર વિભ્રમ સદા, પ્રૌઢા પ્રગટ વખાણિ
જેના દિપતી દુતીકા, પિયુથી મેળાવે આણિ.

ભાવાર્થ—વિચિત્ર વિભ્રમા પ્રૌઢા તેને કહેવી કે જેના દેહની કાન્તી-થી પીયુ લલચાઇ તેની પાસે આવે અને ભોગ સ્પૃહા લાવે.

વિચિત્ર વિભ્રમા પ્રૌઢા ઉદાહરણ.

સવૈયા ઇન્દ્રજિયનિ ચાલ.

છે ગતિ મંદ મનોહર કેશવ, આનંદ કંદ હયે ઉપજે છે
સ્તન શ્રોહ વિલાસને કોમળ હાસ છે અંગ સુવાસ વળી એ'રે
વાંકી કટાક્ષ કરી નીરખે એહ આતગમૂ બાણુ બધે વિજયિ
પુષ્પનાં બાણ કહે સ્મરનાં ખરે ભૂલ મનુષ્યનિ એહ હવિ.

ભાવાર્થ—કોઈ એક સખી (નાયકા વા નાયકની દુતિ) નાયકને, કહેછે કે હેકાન્હ એ નાયકાની ગતિ મનોહર મંદ છે, તેને જોતાં હૈયામાં હર્ષની ઉર્મી ઉભરાયછે. સ્તન સુંદર અને ભ્રકુટી (ભમર) વિલાસથી ભરપુર છે. હસેછે તે કોમળ અને પ્રેમ ઉપજાવનારૂં અંગની સુગંધી તો ચારે તરફ બેહેકી રહીછે. જ્યારે તે કટાક્ષ કરીને જુવેછે ત્યારે એજ આંખમાંથી હજારો બધે જય શબ્દ બોલાવનારાં કામનાં બાણો નીકળેછે, તે વખતે મને એમ થાયછે કે લોકો કામનાં બાણને પુષ્પનાં બનેલાંછે એમ કહેછે તે ખોટું છે. આમાં નાયક આગળ સખીએ નાયકાની કાન્તી વર્ણવી અને તેથી નાયકને તેને મળવાનું મન ઉત્પન્ન થઈ કામ પ્રગટ્યો. તેથી (આમ પતિ આકર્ષાયો) આ નાયકા વિચિત્ર વિભ્રમા પ્રૌઢાછે એમ સીદ્ધ થાયછે.

આક્રમિતા પ્રૌઢા નાયકા લક્ષણ.

દોહા

તે આક્રમીત નાયકા, પ્રૌઢા કહેછે ચિત્ત
મનસા, વાચા, કર્મણા, જે વશ કીધો મિત્ત.

ભાવાર્થ—આક્રમિતા પ્રૌઢા નાયકા તેને કહેવી કે જેણે પોતાના પતિને મન, વાણી, અને કર્મ, વડે વશ કર્યો હોય.

આક્રમિતા પ્રૌઢા ઉદાહરણ.

સવૈયા ઇન્દ્રજિયની ચાલ.

માટ તું ગાય બજાવે ને નાચેછે વાર અનેક શ્રૃંગાર બનાવે;
રાત રોઝાવણુ હાર વળી તુજ માટ પધારે છે તું મન ભાવે;
ઇચ્છિત કામ કરો મન કામનિ ભાગ્ય બહું તુજ એ પિયુ આવ્યો
ઇચ્છે નહી હજી કાન્હને કામનિ ભાવશું પાય લગાડવા આવ્યો.

ભાવાર્થ—એક સખી નાયકાને કહે છે કે હે સ્ત્રી તારેજ માટે કેશવ નાચેછે, ગાય છે, વગાડે છે અને તનેજ ખુશી કરવા માટે વિવિ-

ધ પ્રકારના શૃંગાર અનેકવાર કરે છે. તને રીઝાવવાને વાસ્તે તે રાતે પણ આવવા ચુકતા નથી. અને વળી તારીજ છબી તેને પ્રીય લાગે છે. તારૂં મોટું ભાગ્ય કે તને કેશવ વર મળ્યો છે છતાં પણ તું જો આમ કરે છે તો તારૂં નશીબ. હજી પણ આટલું તારે વાસ્તે કરતાં છતાં તું તેને ઇચ્છતિ નથી અને પુરો પ્રેમ બતાવતી નથી તો હવે શું તારે તેને પગે લગાડવાનો વિચાર છે ? બાકી તો બધું તે તારે માટે કરી ચુકેલ છે. આમાં નાયક એટલો બધો વશ થઈ ગયો છે કે તે જેમ નાયકા ઇચ્છે તેમ કરવાને તૈયાર છે અને તે જરા પણ દુભાય નહી અને રાજી શી રીતે રહે આજ વિચારથી તેને રીઝાવવા અનેક ઉપાય કરે છે. તેથી આ નાયકા આકગીતા પ્રૌઢા છે એમ જણાય છે.

લબ્ધાયતિ પ્રૌઢા લક્ષણ.

તે લબ્ધાયતિ જાણવિ, છે એ પ્રગટ પ્રમાણ
ઓશિઆલ નવ દિલ ધરે, પ્રભુતા સમાન

ભાવાર્થ—લબ્ધાયતિ પ્રૌઢા તેને કહેવી કે જે કોઇની પણ ઓશીઆલ મનમાં રાખે નહી અને જેની પ્રભુતા પ્રભુના જેવી છે.

સમસ્ત રસકોવિદા લક્ષણ.

દોહા.

સમસ્ત રસ તે કોવિદા, કોવિદ કરે વખાણ
જે રસ ઇચ્છે પ્રીયતમ, પ્રકટાવે તે જાણ

ભાવાર્થ—કોવિદા (પંડીતા) સમસ્ત—રસકોવિદા તેને કહે છે કે જે પોતાના પતિની ઇચ્છા પ્રમાણે રસ પ્રગટ કરે.

પ્રૌઢા સુરતાંત.

સવૈયા.

સુઇ રહી રતિ કેલિ કરિ, મનમાંહે અતિશે તે સુખ પામી
સુંદર તેનું સ્વરૂપ નિહાળિ, મહામનમોજ સખી સૈ પામી
કંચુકી રંગ પડયો કુચ ઉપર, છુટી રહિ લટ એ છબિ ભાવી
મૃગ ચર્મનું વસ્ત્ર ધરિ શિવ બેશી રહ્યા છે તે સર્પ લગાવી.

ભાવાર્થ—આ પ્રૌઢા વિષે એટલુંજ કહેવાનું કે રતિ ક્રીડા સમાપ્ત થયા છતાં પણ ગધ્યાનીપેઠે પિયુથી જરા પણ દુર નહી ખસતાં ઉલટાં તેની જોડેજ સુઇ રહી છે, તેથી તેણે શરમ અને સંકોચ એતો મુકી

જ દીપે છે એમ સીદ્ધ થાય છે, અને વળી કુચપર કંચુકી (કાંચળી) નો રંગ ઉતર્યો છે તેથી એમ જણાય છે કે કેલીથી થાકી આખરે મહેનતને લીધે તેને પ્રસ્વેદ વળ્યો અને તેનો હડહડતો કામાગ્નિ શાન્ત થયો કે સુરત સમાગમ પછી તુરતજ ઉંધી ગઇ. વળી સખીઓનું ત્યાં હોવું અને આ અવસ્થામાં સુવું તેથી આનામાં લાજ નથી અને તેથીજ આ પ્રૌઢાનું ઉદાહરણ છે.

વળી પ્રૌઢા કામ ક્રીડામાં કુશળ હોઇ પતિની જોડે ટક્કર લઇ શકે છે અને તેની ભુલ કાઢતાં પણ બીતી નથી. તે વિપરીત રતિ કરી શકેછે.

પ્રૌઢા વિપરીત રતિ ઉદાહરણ.

કવિત.

સુંદર કલિંદી ત્રટે, વૃંદાવન કુંજમાંહે
પુષ્પ જેના ત્રટપર, ભાત ભાત ખિલ્યાં છે
રાધીકાને સંગ લઇ, કૃષ્ણજી પધાર્યા તિહાં
વિપરીત રતિ કેરો, આરંભતો થયો છે
રાતાં નેણ રાધિકાનાં, વેણી તિહાં છુટી ગઇ
મંદ મંદ હસે વળી કણ્ઠગાળ શોભે છે
રાધા જાણે કૃષ્ણ સાથ, એવીતો ચોંટેલી દીસે
તેના સ્તન કામબાણે કૃષ્ણ છાતિ વિંધે છે.

ભાવાર્થ—અત્ર કલિંદી (જમુંના) ત્રટ એ તથા વૃદાનવનકુંજ, પુષ્પોનું ખીલવું, એકાંત જગ્યા ઇ૦ કામ વૃતિને અનુકુળ હોઇ તેને પ્રેરે છે. હવે રાધા કૃષ્ણ ત્યાં વિપરીત રતિ કરવાનો આરંભ કરે છે, તેથી એમ જણાય છે કે રાધીકાજી પ્રૌઢાવસ્થામાં સંક્રાન્ત થએલ છે. હવે તે વિપરીત[1] રતિં કરી શકેછે અને તેથીજ તે પ્રૌઢા છે કારણ કે મુગ્ધા તો બીચારી કામ ક્રીડામાં તદન અજાણીજ હોય છે અને મધ્યા તો જોકે કાંઇ કાંઇ જાણવા છતાં લજ્જાને લીધે નાયકના કહેવા છતાં બતાવવા છતાં પણ કરી શકતી નથી.

---

1 વિપરીત રતિ એટલે જેમાં નાયકા નાયકની ચેષ્ટા કરે. (નાયકને નીચે રાખી રતિ કરે)

પ્રકરણ આઠમું.

(નાયકા ભેદ)

ધીરાદિ ભેદ.

વળી જ્યારે આ બધી નાયકાઓ માન કરે ત્યારે સાહિત્યકારોએ દરેકનાં લક્ષણ જોઈ તપાસી નીચે પ્રમાણે ભેદો પાડેલા છે.

મધ્યા ધિરાદી ભેદ.

છન્દ્રવિજયની ચાલ—સવૈયા.

ધિરા અધિરા ધિરા જાણો, પ્રગલ્ભાતણા ત્રણ ભેદ વખાણો,
મુગ્ધાતણા નવ ભેદ ત્રણે એતો, મધ્યાતણા ત્રણ ભેદ પ્રમાણો.

ભાવાર્થ—મુગ્ધાનાયકામાં કોપ હોતોનથી અને હોયછે તો તેનો કોપ તેતેજ ખાય છે. તે બીચારી અત્યંત શરમને લીધે પતિ પરઘર ગમન કરતો હોય અગર બીજો અપરાધ કરતો હોય તે નજરે જોવા છતાં આંસુથી આંખ્ય ભરે પણ પતિને ઠપકો આપવો ક્રોધ કરવો, રીસાવું બીલકુલ તેનાથી બની શકે નહી તેથીજ તેના ધીરાદિ ત્રણ ભેદ થઈ શકતા નથી પણ મધ્યાતો પતિનો ધુનો દેખે છે કે તરત ગાનમાં ભરાઇ બોલવું બંધ કરેછે અને ખુલ્લી રીતે ઠપકો પણ આપેછે તેથી સાહિત્યકારોએ વિચારીને તેઓનાં લક્ષણ પ્રમાણે તેઓના ત્રણ ભેદ પાડયા છે. ૧ મધ્યાધીરા, ૨ મધ્યાઅધીરા, ૩ મધ્યાધીરા અધીરા. તેજ પ્રમાણે પ્રૌઢા અથવા પ્રગલ્ભાના પણ ત્રણ ભેદ પડી શકે છે. ૧ પ્રૌઢા ધીરા, ૨ પ્રૌઢા અધીરા, ૩ પ્રૌઢા ધીરા અધીરા.

મધ્યા ધીરા લક્ષણ.

છંદ ત્રોટકની ચાલ.

લઇ કંઇ વાત વિનોદની તેતો, જણાવેછે રીસ હૃદે નીજનિતો;
મધ્યા ધીરા નારીની રીત એ જાણો, સુણી વચનો પછી કોપ પ્રમાણો.

ભાવાર્થ—પતિનો અપરાધ જોઇ મધ્યાધીરા નાયકા એકદમ ઉતરી ન પડતાં તેને ખુબીથી માર્મિક ઠપકો આપે.

મધ્યાધીરા નાયકા ઉદાહરણ,

સવૈયા—૪૮ વિજયની ચાલ.

આવ્યોછો આજે મયા કરી મોહન, માનું છું આજ મહા નિધિ ત્રુઠી
આજની દેખીને શોભા અલૌકિક જેહ મળી તેહ દીસેછે રૂઠી;
કેવિ બીરાજે છે સારી નવી કર અંગુલી માંહે અનુપમ વિંટી
પ્યારે કહ્યું હસી પ્યારી થકી તવ જે સમજી મનમાંહે ખોટી.

ભાવાર્થ—આ ઉદાહરણમાં પતિ કોઇ જોડે રમણ કરી આવેલ છે અને તે સ્ત્રી (પરકીયા) એ બક્ષીસમાં વિંટી તેની પાસેથી લઇ લીધી. હવે નાયક ઘેર આવ્યો ત્યારે સ્ત્રીએ વીંટી વગરની આંગળી જોઇ તેને પરદાર લુબ્ધ થએલો જોઇ ખેદ પામી અંતે મામિક વચન કહ્યું કે જે તમને મળી તે ત્રુઠી છે કારણ કે આંગલીમાં વિંટી કેવી શુશોભીત રીતે આવી રહેલી છે. આવું બોલી તે રીસાઇ અને રસ ભંગ કર્યો ત્યારે પતિએ સમ ખાઇ કહ્યું કે—હે સ્ત્રી તું જે વાત સમજી છે તે બધી ખોટી છે, ત્યારે સ્ત્રીએ માન મુકી દીધું. અહી આગળ તે મધ્યાનાયકાયે પોતે એકદમ પતિ જોડે ચરભડી ન પડતાં હળવે રહી પતિ મુખે રમુજમાં વાત કહી ખુલાસો કરી લીધો અને રડવા કકળવાના તોફાનથી રસભંગન કર્યો, તેથી આ નાયકા મધ્યાધીરા નાયકા છે એમ સાબીત થાય છે. હવે મધ્યા અધીરા નાયકા પોતાનો કોપ ઢાંકી શકતી નથી તથા પતિને પુછવા પણ નથી રહેતિ પણ ખરા ખોટાની તપાસ કર્યા વગર એકદમ પતિ જોડે વઢી પડે છે અને કોઇ પણ ઉપાયથી એકદમ શાન્ત નથી થતી

મધ્યા અધીરા—ઉદાહરણ.

વસંતતિલકા.

નાયક— નારી ખરે વિસરતી નથિ તું વિસારી
તારી છબી સરસ જે મનમાં ઉતારી
નં નારિ સારિ બહુ છે સુખની વિલાસી
તારા વિના બહું મને પ્રગટી ઉદાસી.

ઉપજાતિ.

નાયકા—તમે વદો છો અતિ જુઠું જે છે, કરો પ્રતિજ્ઞા ખરે ખોટીતે છે;
નમો જઇ પ્રીતિ જહાં છે સાચી નમ્યાથી ભૂલું ? નહો હું તો કાચી

ભાવાર્થ—આમાં નાયક પોતે નાયકાને કહેછે કે તારાવીના મને કો-

ઇ બીજી પ્યારી નથી, તારીજ છબી મને ગમેછે. તુંજ મારા વીલાસનું સ્થાનછે, તારાવિના મને ઘડીપણ ગમતું નથી. ઇ. તોપણ તે હઠીલી સ્ત્રી માનતી નથી અને પતિને કહેછે કે તમે જે કહોછો તે ખોટું છે. તમને હું બીલકુલ વહાલી નથી તમે મને પગે પડોછો, સમખાઇ પ્રતિજ્ઞા કરોછો પ-પણ એ સર્વે ઢોંગછે, બતાવવાનું છે. બાકી તો તમારો પ્યાર કોઇક બીજી સ્ત્રીપર લાગેલોછે અને તેનેજ તમે ખરા દીલથી ચાહોછો, તે વીના તમને બીજી કોઇ સ્ત્રી વહાલી નથી અને તમે મને ખોટું ખોટું બોલી છેતરવા માગોછો પણ યાદ રાખો કે હું એવી કાચી નથીકે જરાક પગે પડયા અ-ને ગળ ગળતે સાદે બોલ્યા એટલે તમે સાચું કહોછો એમ માનું. આ સ્ત્રી એકદમ કાંઇપણ કારણ જોયા વગર કે તેની પુરી તપાસ કર્યા વગર મુદો પકડયા વગર એકદમ પતિ જોડે રીસાઈ રંગનો ભંગકરી દે છે. તેવળી એ-ટલે સુધી માનમાં ભરાય છે કે પતિ તેને હે પ્રીયા તારા શીવાય મને કોઈ વહાલું નથી તુજ મારા વિલાસનું સ્થાનછે ઇત્યાદિ શબ્દો વડે તેનું શા-ન્તવન કરેછે છતાં પણ તે નાયકા રોશ રાખી પોતાની હઠ છોડતી નથી, નાહક કલેશ ઉપજાવેછે રસનો ભંગ કરેછે અને નાયકને ખીજેછે, તે ઉપ-રથી તે મધ્યા અધિરા નામની નાયકાછે એમ સાબીત થાયછે. કારણકે ટુંકામાં તે પોતાનો ક્રોધ દાબી શકતી નથી પણ તરત છણકા કરવાથી અ-ને વદવાથી ક્રોધ જણાવી આપેછે અને તોરમાં આવીજઇ પતિની દરકાર કર્યા વગર ગમે તેમ તેને ઠપકો આપેછે તેથી આ નાયકાનું નામ સાહી-ત્યકારોએ મધ્યા અધીરા આપેલુંછે. અધીરા એટલે જેને જરાપણ ધીરજ નથી તે.

મધ્યા ધીરા અધીરા લક્ષણ.

દોહા.

કોપ કંઇક ઉઘાડતી, કાંઇ છુપાડે વામ
ધીરા ધીરા તેહનું સાક્ષર આપે નામ.

ભાવાર્થ—મધ્યા ધીરા નામે નાયકા પોતાના સ્વામિને કાંઇ અપ-રાધ કરતાં જુવે કે તેને ઇર્ષા આવે છે, ખેદ ઉપજે છે અને વળી તે મ-નમાં બહુજ બળે છે. તે પતિને જરા ઠપકો આપવા જાય છે કે તડતડી જાય છે. વળી પાછી કહે છે અને રડે છે. મધ્યા ધીરા અને મધ્યા અધી-રા આ બન્ને નાયકાના ગુણ આમાં કાંઈ કાંઇ અંશે હોવાથી સાક્ષરોએ આ નાયકાને મધ્યાધીરા ધીરા એવું નામ આપેલું છે.

મધ્યા ધીરા ધીરા—ઉદાહરણ.

શાર્દુલની દેશી.

નાયક—બાલે

નાયકા—નાથ

નાયક—તું છોડ માનુનિ રૂપ મારૂં કહ્યું માનિને

નાયકા—મ્હારો રૂપ કહો શું કરતો

નાયક—અમને થયો ખેદતો

નાયકા—શાને ખેદજ ઉપજે પ્રિય અરે મારો બધો વાંક છે

નાયક—ત્યારે કેમજ આંસુ ઉષ્ણ ખરતાં પ્યારી કહેને મને.

ઉપજાતિ.

નાયકા—કહો કહું કેણ હું કોની પાસે

નાયક—હું પ્રીય તારો કહેને નીરાંતે

નાયકા—તમો મુને નાથ ગણો ન પ્યારી

અહમદ કાંઠે વદી એમ નારી.

ભાવાર્થ—આ ઉદાહરણમાં નાયકાએ પોતાનો કોપ નાયકે બોલાવવા છતાં પણ પુર્ણ રીતે જવાબ ન આપી જણાવ્યો છે અને પછી કોપનું કારણ પુછવામાં આવતાં તુર્તજ નાયકાએ વાક્ ચાતુરી કરી કહ્યું કે વળી મારે તે રોષ હોય અને વળી મારો રોષ તે તમને શી અડચણ કરવાનો હતો. નાયક કહેછે કે મને ખેદ ઉપજેછે ત્યારે નાયકા એ જવાબ વાળ્યો કે તમને શું કરવાને વાસ્તે ખેદ ઉપજવો જોઇએ કારણ કે તમારો વાંક બીલકુલ નથી પણ વાંકતો બધો મારોજ છે (હુંજ અભાગણું કે તમને વશ કરી ન શકી) ત્યારે નાયકે પુછયું કે હે પ્રીયા જો બધોજ તારો વાંક છે તો તું શા માટે રડેછે તેનું કારણ મને કહે. નાયકાએ જવાબ આપ્યો કે મારા રડવાનું કારણ હું કોને જણાવું ? (મતલબકે મારૂ અહીં કોઇ એવું પ્રીય જન નથી) ત્યારે નાયકે કહ્યું કે હે સ્ત્રી હું તારો પ્રીય પાસે હોવા છતાં હવે તારે વળી વાત કરવાને બીજું કોણ જોઇએ? વાસ્તે તું તારા ખેદનું કારણ મને જણાવ. ત્યારે નાયકાએ જવાબ આપ્યો કહો નાથ તમારે મન હું શું છું ? (કાંઈ હુ તમને પ્યારી નથી તમને અન્ય સ્ત્રી વહાલી છે) તેથી મારાપર હેત ક્યાંથીજ હોય. આમ જવાબ આપી કુપીત મુખ રહે છે. હવે આપરથી સ્પષ્ટ સમજાય છે કે તેણી પો-

તાનો કોપ નાયકને પ્રથમ સંપુર્ણ રીતે પ્રશ્નનો ઉત્તર ન આપવાથી જણાવ્યો છે અને પછી નાયકે કોપનું કારણ પુછવાથી વાક્ ચાતુરી કરી વ્યંગમાં તેનું કારણ જણાવી અને પોતે પોતાને ખેદ ઉપજવાથી અને નાયને ઠપકો બહુ આપી શકાતો નથી તેથી પોતાના ઉપરજ ક્રોધ કરી પોતે પોતાનેજ હલકી ગણી મનમાં ઓછું આવ્યાથી રડી પડે છે. વાસ્તે આ નાયકાએ પોતાનો કોપ કાંઇક શબ્દોથી ખુલ્લી રીતે અને કાંઇક રડવાથી દેખાડયો છે અને તેથી તે નાયકાને મધ્યા ધીરા ધીરા નાયકા એવું નામ અપાય છે.

તેજ પ્રમાણે પ્રૌઢાના પણ આગળ ભેદ બતાવ્યા છે તેથી—

પ્રૌઢાધીરા લક્ષણ.

મત્ત ગયંદની ચાલ.

કોપતણું કંઇ મીશ કરી નીજ કોપ પ્રકાશ જે બાલી કરે છે
પ્રૌઢાધીરા તણી રીત તો એ છે કે કેલી રતિ માંહે રહી રહે છે.

ભાવાર્થ—પ્રૌઢાધીરા પોતાનો કોપ ખુલ્લી રીતે પ્રદર્શીત નથી કરતી પણ કંઇ કોપનું કારણ લઇ પરોક્ષ રીતે પોતાનો કોપ નાયકને જણાવે છે અને કામક્રીડાથી જ્યાં સુધી ક્રોધ યુક્ત હોય ત્યાં સુધી રહી (અળગી) રહે છે.

પ્રૌઢાધીરા—ઉદાહરણ.

કવિત્ત.

આવતાં તો આદરથી ઉઠી આવી આગે લીધા.
મીઠા બોલ બોલી વળી સ્નેહ તો જણાવ્યો છે
સેજપર બેસાડીને પોતે વળી નીચી બેઠી
આવોને આશ્લેશ કરો શ્યામે એમ કહ્યું છે,
એવું સુણી ભ્રકુટિ ચઢાવી તીરછાવી નેણ
ક્રોધ મીશ કાઢી નિજ સખી જોડે ખીજી છે
બીજી સખી હશી ત્યારે પીયુજીએ જાણ્યું એમ
રીસાણી ન સખી જોડે મુજ સાથ રહી છે.

ભાવાર્થ—આમાં નાયકાએ પોતાના પતિને આવતો જોઇને તેનો આદર સત્કાર કરી મીઠા શબ્દો બોલી પલંગપર બેસાડયો અને પોતે નીચી બેઠી. આમ કરવાથી પતિનો આલીંગન કરવાનો ઉદેશ ટાળ્યો. તેથી

નાયકે કહ્યું કે મને આશ્લેશ કરો. આવાં નાયકનાં વચન સાંભળી તે નાયકા ખીજી પોતા પાસે સખી હતી તેની જોડે કંઇક ખોટે મીશે વઢી પડી, ત્યારે સખી તેની તરફ જોઈ હશી એટલે નાયકે જાણ્યું કે આ સખીને કાંઇ ખીજી નથી એ તો મારાપરજ ક્રોધાયમાન થઇ છે. હવે આ-માં પ્રૌઢાએ પોતાના પતિને પોતાના કોપનું કારણ એકદમ નહી દરશાવ-તાં અને તેની જોડે તુર્તજ ક્રોધ ન કરતાં ધીરે રહીને યુક્તીસર પોતા-ના પીયુને કોપ બતાવી આપ્યો, તેથી જણાય છે કે તે ધૈર્યવાળી અને હળવે રહી છુપો માર મારે એવી હતી. તેથી આ નાયકાને સાહીત્ય-કારોએ પ્રૌઢાધીરા એવું નામ આપેલું છે.

પ્રૌઢાઅધીરા લક્ષણ.

છંદ તોટકનિ ચાલ.

અપરાધ થયો નિરખી પતિનો, અતિશે મન માંહિ જે ક્રોધ ધરે;
રિશથી વચનોજ કઠોર કહે, પ્રઢા અધીરા નિજ નામ લહે

ભાવાર્થ—પોતાના પતિમાં કાંઇ પણ જાતનો અપરાધ જોઈ તેને રીતથી માર્મીક વચને કહેવાનું એક કોરે મુકી જે એકદમ કોપ પ્રદર્શીત કરે તેને પ્રૌઢાઅધીરા નાયકા જાણવી.

પ્રૌઢાઅધીરા નાયકા—ઉદાહરણ.

કવિત્ત

નાયક—સુંદરી તું આવ પાસ બેશ મારી જોડે અહી
નાયકા—બેશસે તો તેહ પાસ જેહ ફંદ કરયા છો
નાયક—વાત સુણો પ્યારી મારી વિનોદની કહું જેહ
નાયકા—આસ્લેશને વાત તહી જહાં પ્રીત સાચી છે
નાયક—હશીને તું મારી સાથે કેલી પ્યારી કર હવે
નાયકા—હસો અને કેલી કરો, જહાં તમે જાવછો
નાયક—તુજથી ન અન્ય પ્યારી, તુજ છું રીઝાવા વળી
નાયકા—તમને રીઝાવે તેહ, જેહ સંગ રીઝો છો.

દોહા.

જન સર્વે ભુલે ખર્યાં, બ્રહ્માદિક પણ જાણ.
તો કયાંથી મુજ મૂઢની, ભુલ રહિત હોય વાણ

જાહેર ખબર.

ધૃતિ—આ દવા માથાની ગરમીનો નાશ કરી, આમશા-દી દોશ ૨ કરી મગજ સુધારે છે. ખોટી ડંફાસો હાંકવાથી શો માલ એ કવાર વાપરી ખાત્રી કરો કીમત ડબી એકનો રૂ. ૧-૮-૦ વાપરવાની વિગત ડબી સાથે આવશે.

કામેશ્વર રસ—વિર્ય વધારે છે, શરીરને પુષ્ટી આપે છે. ટુંકામાં તમામ રોગ દુર કરી શરીરના રાજ (ધાતુ) ને સુધારે છે કીમત ડબી એકનો રૂ. ૧-૦-૦

ગળત કુષ્ટાદિ રસ—આ દવાનો ઉપયોગ કર્યાથી શરીરપરના તમામ જાતના કોઢ દુર થાય છે, વાપરી ખાત્રી કરો કીમત ડબી એકનો રૂ. ૧-૦-૦

ઇચ્છાભેદી રસ—આ ચણાના જેવી ગોળી સવારમાં લીધા પછી જેટલીવાર આપણને દસ્ત લાગવા હોય તેટલીજ વાર આવે છે. આ જાયની દવા આપણા કબજમાં એક વાર વાપરી ખાત્રી કરો. કીમત ડબી એકનો રૂ. ૧-૦-૦ વાપરવાની વિગત સાથે.

વિર્ય વર્ધક ઘૃત—પુષ્ટિકારક, શરીરને સુધારનાર તાકાદ આપનાર, સ્મરણ શક્તી વધારનાર અત્યુતમ દવા. વાપરી ખાત્રી કરો કીમત રૂ. ૧-૮-૦ ડબી એકના.

અમારે મોઢે અમારી દવાઓનાં વખાણ કરવાં તે ઠીક નહી પણ ગૃહસ્થો એક વખત વાપરીને ખાત્રી કરી જુવો. પોસ્ટેજ જુદુ દરેક દવાનું રોકડી કીમતે અગર વેલ્યુપેએબલથી બહાર ગામ વાળાઓને મોકલી આપીશું.

નરસીંહ વડવાનળરસ—આ દવાથી આઠ પ્રકારના ઉદર રોગ, પાંચ પ્રકારના ગુલ્મ, પાંડુ રોગ, સોજો કમળો, [illegible] પ્રકારના કફ ૮૦ પ્રકારના વાયુ, ૧૮ પ્રકારના કોઢ, ૨૦ પ્રકારના પ્રમેહ, ઉદાવર્ત, મુત્રકૃછ, હરસ, અંતરગળ, અજીર્ણ, તાવ, કીરમવીકાર જવર એ વીગેરે મટે છે. કીમત ડબી એકનો રૂ. ૧-૮-૦

નડીઆદ નાગરવાડા. } લી૦ ભટ. દયાશંકર ભાઈશંકર
